Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૫ • તા. ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ થી ૦૪ ફેબ્રુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ સોસાયટી

## શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગનું ૧૧૩ મું વાર્ષિક સ્નેહ મિલન

## સી.ડી.ઓ. ઉત્સવ – ૨૦૧૮



|| પ્રગટ પ્રભાવી શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ||
|| નમો નમઃ ગુરૂશ્રી ગૌતમ-સુધર્મા-આર્ય-ધર્મ-જય-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||
|| ગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી - મહાકાલી દેવ્યૈ નમઃ ||



# શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ મધ્યે શ્રી સુપાર્શ્વનાથ જિનાલય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવે...





## સકલ સંઘ નિમંત્રણ



નિશ્રાનું નંદનવન - સાંગલી નગર બન્યું પાવન
સાહિત્ય સમ્રાટ, રાજસ્થાન - દક્ષિણ દીપક ઉગ્રવિહારી
**પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

❖ સંસ્થાપક - દિવ્યકૃપા ❖
શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ.**
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

❖ શુભાશિષ વર્ષા-આજ્ઞા ❖
તપચક્ર ચક્રવર્તી - અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ.**
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**







અંજન - પ્રતિષ્ઠા મહોત્સવના મંડાણ થયાં,
મુંબઈ થી ઉગ્ર વિહારે ગુરૂદેવ પધાર્યા...
કર્ણાટક-મહારાષ્ટ્રમાં થઈ શાસન પ્રભાવના
હવે પાવન થશે સાંગલી નગરના આંગણા....
એ પળને એ ક્ષણના સાક્ષી બનવા પધારો... પધારો...

સુપાર્શ્વનાથ દાદાના થશે બેસણાં,
કળશ અને ધ્વજા ફરકશે સોહામણાં,
નવાન્હિકા મહોત્સવ ઉજવાશે મન ભાવન,
સકલ સંઘોનું આગમન... એજ છે અરમાન...

સં. ૨૦૭૪ મહાસુદ ૧૨
રવિવાર તા. ૨૮-૧-૨૦૧૮
સામૈયું સ્થળ : બસ સ્ટેન્ડ પાસે,
ઝુલેલાલ ચોક, સાંગલી.
સમય : ૬.૩૦ કલાકે

પ્રારંભ : સં. ૨૦૭૪ મહાવદ ૪
રવિવાર ૪-૨-૨૦૧૮
પ્રતિષ્ઠા : સં. ૨૦૭૪ મહાવદ ૧૧
રવિવાર ૧૧-૨-૨૦૧૮
દ્વારોદ્ઘાટન : સં. ૨૦૭૪ મહાવદ ૧૨
સોમવાર ૧૨-૨-૨૦૧૮

### ઉપસ્થિત શ્રમણ - શ્રમણી વૃંદ

પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા - ૯
પૂ. સા શ્રી સંયમગુણાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી સમકિતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા - ૧૦
પ.પૂ. આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.





**નિમંત્રક : શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ**
૧૦૭૮, ઉત્તર શિવાજી નગર, શિવાજી સ્ટેડીયમની પૂર્વ બાજુ, સાંગલી - ૪૧૬૪૧૬. ફોન : ૦૨૩૩-૨૩૨૦૯૩૨

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 05/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

## અનંતનાથજી ટ્રસ્ટ:
## ટ્રસ્ટીઓએ નૈતિક અધિકાર ગુમાવી દીધો છે .........

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ' (ભાંડુપ)ના પુનર્વિકાસ સંબંધિત ચેરીટી કમીશ્નર સમક્ષ કરેલ અરજી ખારીજ થવાના તાજેતરમાં મળેલા સમાચારે ખાસ કરીને મુંબઇના જ્ઞાતિજનોમાં ટ્રસ્ટીઓની ટ્રસ્ટ વહીવટ માટેની કાર્યક્ષમતાની બાબતે ઘેરી આઘાત-આશ્ચર્ય મિશ્રિત શંકા-કુશંકાઓ ઉદભવી છે તેને જેટલા અંશે સ્વાભાવિક ગણીએ તેનાથી અનેક ગણો રોષ ઉપજે તેવી ચોંકાવનારી વાત એ છે કે ટ્રસ્ટીઓને આ અરજી ગત નવેમ્બર ૨૦૧૭ માં ચેરીટી કમીશ્નરે કાઢી નાખી હતી તે હકીકતની જાણ, પ્રકાશ-સમીક્ષાના ગતાંક (૨૨ થી ૨૮ જાન્યુઆરી) માં આંશિક સમાચાર પ્રગટ થયા અને જ્ઞાતિના એક વરિષ્ઠ આદરણીય અગ્રણીએ ગત સોમવાર (૨૨ જાન્યુઆરી) ના ટ્રસ્ટના એક મુખ્ય ટ્રસ્ટીનું તે પરત્વે ધ્યાન દોર્યું તે પછી પણ એકાદ દિવસ સુધી, ન હતી.

છેલ્લાં ત્રણેક વર્ષથી વર્તમાન ટ્રસ્ટબોર્ડે પોતાનું સમગ્ર લક્ષ અનંતસિધ્ધિના પુનર્વિકાસના આ પ્રકલ્પ પર કેન્દ્રિત કર્યું છે અને છેલ્લા પાંચ-સાત મહીના દરમ્યાન ટ્રસ્ટીઓએ તેના પ્રસ્તાવિત પ્લાન, પ્રોજેક્ટ રિપોર્ટ, ઉપલબ્ધ રહેણાકના ફ્લેટો, સભાગૃહો, દેરાસરનું થોડાક અંતરે સ્થળાંતર ઇત્યાદિની વિગતવાર રૂપરેખા જ્ઞાતિ સમક્ષ મૂકી રહ્યા છે. સાથે સાથે, તેઓ ટ્રસ્ટનો વહીવટ પારદર્શીય અભિગમથી કરી રહ્યા છે તે દર્શાવવા તેમણે જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોના તે અંગે સલાહ સૂચનો મેળવવા બે સભાઓ પણ ગોઠવી હતી, જેમાં ગત ડિસેમ્બરની બીજી સભામાં તેમની પ્રસ્તાવિત યોજના સંદર્ભે જ્ઞાતિના વ્યવસાયિકોએ ઉગ્ર વિરોધ ને નાસંમતિ જાહેર કરી હતી અને અન્ય વૈકિલ્પક યોજના પર વિચારણા કરવા ટ્રસ્ટીઓને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. આ સભા પછી આ બાબતે વધુ વિચાર-વિમર્શ કરવાના હેતુસર ટ્રસ્ટીઓએ પંદરેક અગ્રણીઓ અને ત્રણેક ટ્રસ્ટીઓની એક પેટા સમિતિની નિમણુંક કરી હોવાના પણ નિર્દેશો તેમણે આપ્યા હતા. આ પેટા સમિતિની સભા, ટ્રસ્ટીઓએ આ પુનર્વિકાસ બાબતે ચેરીટી કમીશ્નર સમક્ષ કરેલ અરજી પર પરવાનગી મળી જાય તે પછી બોલાવાશે તેવી ખાતરી છેલ્લા એકાદ મહીનાથી તેઓ જ્ઞાતિ અગ્રણીઓને આપી રહ્યા હતા.

હવે જ્યારે ટ્રસ્ટીઓની આ અરજી, ચેરીટી કમીશ્નરે અઢી મહીના પહેલાં ફગાવી દીધી છે તે હકીકત સપાટી પર આવી ગઇ છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાની ગંભીર ગાફેલિયત બદલ કોઇ સમુચિત ખુલાસો કરી શકે તેમ નથી તેવી પરિસ્થિતિ સર્જાઇ છે તેમાં કોઇ બે મત નથી.

ટ્રસ્ટીઓની આ અરજી તદન આડેધડ, ઢંગધડા વગરની અને કાનૂની રીતે જરા પણ સુસંગત ન હતી એટલું જ નહીં પણ તેમાં અનેક વિરોધાભાસો, અતથ્યો, અતાર્કિક રજુઆતો અને ગેરરજુઆતો થઇ હતી.

આ અરજીમાં એક જગ્યાએ ટ્રસ્ટીઓએ વિધાન કર્યું છે કે તેઓ કોન્ટ્રેક્ટર નિમીને આ પુનર્વિકાસની પ્રક્રિયા પૂરી કરશે, જ્યારે બીજી જગ્યાએ આ પ્રકલ્પ માટે કોઇ પ્રતિષ્ઠિત ડેવલપરની તેઓ નિમણુંક કરશે તેમ જણાવ્યું છે. તે જ પ્રમાણે જેમ ચેરીટી કમીશ્નરે પોતાના ચુકાદામાં ટીકા કરી છે તેમ, ટ્રસ્ટીઓએ એક બાજુ જણાવ્યું છે કે આ મિલકતની માલિકિયત બદલાશે નહીં પણ બીજી બાજુ તેમણે નવા ફ્લેટોનું તેઓ વેચાણ કરશે તેવું વિધાન કર્યું છે તેથી તો જમીન હસ્તાંતરિત થશે.

વધુમાં આ અરજીમાં આ પ્રકલ્પ અન્વયે ૧૩૨ (એકસો બત્રીસ) કરોડ જેટલી લાગતની સામે ટ્રસ્ટને ૧૩૮ (એકસો અડત્રીસ) કરોડ જેટલી આવક થશે અને તે રીતે દરેક વર્ષના

આંશિક ભાગ પાડીને (સ્પ્રેડ ઓવર) ત્રણ વર્ષે છેવટે ૪ (ચાર) કરોડ ચુમ્માલીસ લાખ જેટલી ચોખ્ખી આવક થશે તેવી રજુઆત તો ચોંકાવનારી છે, ખાસ કરીને ટ્રસ્ટીઓ જ્ઞાતિ અગ્રણીઓને અને આખી જ્ઞાતિને છેલ્લા છ મહીનાથી આ પ્રકલ્પથી ટ્રસ્ટને ત્રીસેક કરોડ જેટલી આવક થશે તેવો પ્રોજેક્ટ રિપોર્ટ બતાવી રહ્યા છે ત્યારે. ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશનર જેવી ન્યાયિક (જ્યુડીસીયલ) કક્ષાના અધિકારી સમક્ષ આ આંકડા શા માટે છુપાવ્યા છે તેનો ખુલાસો તો તેઓ જ આપી શકે.

આ ઉપરાંત, આ અરજીમાં આવી જ (ગેર) રજુઆત જમીનના ટાઇટલ બાબત થઇ હોવાનું શક્ય છે. ભાંડુપ દેરાસરજીના ૬૦૦- છસ્સો ચોરસ મીટર જેટલી જમીન અંગેના એક ૧૧૬ વર્ષ પહેલાંના ટાઇટલ ડીડને ટ્રસ્ટીઓએ આખી ચાર હજાર બસ્સો ચુમોતેર -૪૨૭૪- ચોરસ મીટર જેટલી જમીનની માલિકીના મૂળ સ્ત્રોત તરિકે ઉલ્લેખ કર્યો છે તે પણ શક્યતઃ ગેર રજુઆત છે.

તેવી જ રીતે આ પુનર્વિકાસ માટે મુંબઇ મહાજનશ્રીની પૂર્વ પરવાનગી લેવાની રહે છે તે મૂળભૂત કાનૂની જરૂરિયાત આ પ્રકલ્પના ટાઇટલનો એક ભાગ છે તે મુદ્દો પણ આ અરજીમાં ગોપિત રાખવામાં આવ્યો છે.

તેમજ મુંબઇ હાઇકોર્ટે વર્ષ ૧૯૭૨ માં આપેલા આદેશના અનુરૂપમાં ટ્રસ્ટની સ્કીમમાં આવશ્યક સુધારા કરીને અને નવી સ્કીમ બનાવીને તે અંગે જ્યાં સુધી ચેરીટી કમીશનરની મંજુરી લેવામાં ન આવે ત્યાં સુધી ભાંડુપ સેનેટરીયમની જમીનના ટાઇટલ્સ ચોખ્ખા અને બજારક્ષમ (ક્લીયર એન્ડ માર્કેટેબલ) ન ગણાય તે ટાઇટલ વિષયક મુળભૂત મુદ્દાનો ઉલ્લેખ પણ આ ખારીજ થયેલી અરજીમાં કરાયો નથી.

અત્રે એ મુદ્દો સૂચક અને પ્રસ્તુત છે કે જ્ઞાતિ અગ્રણીઓની બીજી સભામાં જ્યારે ટ્રસ્ટીઓનું ધ્યાન 'રેરા' નાકાયદાની સખત જોગવાઇઓ પ્રત્યે દોરવામાં આવ્યું ત્યારે તેમના તરફથી એક મુખ્ય ટ્રસ્ટીએ અગ્રણીઓને જણાવ્યું હતું કે આ પ્રકલ્પની 'રેરા' માં નોંધણી થઇ શકે તે માટે ટ્રસ્ટીઓએ જમીનના ટાઇટલ સહિત બધી બાબતે ઘણી બારીકાઇ અને ચોકસાઇથી અભ્યાસ કર્યો છે અને તે રીતે તેઓ સંપૂણતઃ સજ્જ છે તેથી તમે સૌ ખોટો હાઉ ઊભો કરવાની નકામી કોશિશ કરી રહ્યા છો.

આમ, જો ટ્રસ્ટીઓને કે તેમના કાયદાકીય સલાહકારને ભાંડુપની આ જમીનના ટાઇટલ બાબતે પર્યાપ્ત જાણકારી ન હોય અને તેને લીધે આવા ગુનાહિત ક્ષતિયુક્ત ટાઇટલ રીપોર્ટ કે સર્ટિફિકેટની 'રેરા' હેઠળ નોંધણી થાય તો અને એક બાજુ અત્યારના રહેણાક ધારકો અન્યત્ર કામચલાઉ વૈકલ્પિક વસવાટ કરતા હોય અને બીજી બાજુ 'રેરા' ઓથોરીટી દ્વારા ટ્રસ્ટ સામે સખત કાર્યવાહીનાં પગલાં લેવાયા હોય અને આખો પ્રકલ્પ ઘેરા વિવાદમાં અટવાઇ જાય તો તેનાં શાં પરિણામ આવે અને અનંતસિધ્ધિના હાલના જ્ઞાતિ કુટુંબો તેમજ જ્ઞાતિ માટે કેવી ગંભીર વિકટ પરિસ્થિતિ ઉભી થાય તે બદલ સમુચિત કાળજી કે દરકાર લેવાની વાતને હળવાશથી લેનારા ટ્રસ્ટીઓ, ટ્રસ્ટને ફક્ત સાડા ચાર કરોડનો નફો ઉપજે તે માટે આ દોઢસો કરોડ જેટલી રકમનો વહીવટ કરવાનો અભરખો રાખતા હોય તો તે તેમની નરી ધૃષ્ટતા જ ગણાય તેવી આલોચના કરીએ તો તેમાં કોઇ અતિશયોક્તિ થતી નથી.

તેવી જ રીતે ચેરીટી કમીશ્નર જેવી ન્યાયિક (જ્યુડિસીયલ) આથોરિટી સમક્ષ કરાયેલી ગેરરજુઆત, અસત્ય વિધાનો, કોઇ સુસંગત અને મહત્વની હકીકતને છુપાવવાની હરકત બદલ કેવાં ગંભીરપરિણામ આવી શકે તેની સમજણ આપવાની ન હોય.

ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની અન્ય મિલકતો પરત્વે પણ કેટલી દુર્લક્ષતા રાખી છે તે થોડા સમય પહેલાં આ સ્થાને દર્શાવાઇ ગયું છે તેની પુનરોક્તિ કરવાની જરૂર નથી.

ટ્રસ્ટીઓ આ ખારીજ થયેલ અરજી સહિતની ટ્રસ્ટ મિલકતોની વિવિધ કાર્યવાહીઓ માટે કોઇ સક્ષમ કાનૂની સલાહકારોની નિમણુંક પણ કરી શકતા નથી તે હકિકત પણ તેમની ટ્રસ્ટ વહીવટમાં ભારોભાર બીનકાર્યક્ષમતાને ખુલ્લી પાડે છે તે હવે સ્પષ્ટ બન્યું છે.

તેમજ જે રીતે આ ખારીજ થયેલી અરજીનું સોગંદનામું નોટરી સમક્ષ કરવામાં આવ્યું છે તે પરથી તો એ પણ સ્પષ્ટ થાય છે કે નોટરી સમક્ષનું સોગંદનામું કાયદેસરનું ક્યારે ગણાય તેની સાદી કાનુની સમજણ પણ ટ્રસ્ટીઓને નથી.

કોઇ છોછ રાખ્યા વિના અને ચોખ્ખી ને ચટ્ટ ભાષામાં કહેવું હોય તો, ટ્રસ્ટીઓની વિશ્વસનીયતા ઘેરા પ્રશ્નાર્થના દાયરામાં આવી ગઇ છે અને તેમના પદ પર ચાલુ રહેવાનો તમામ નૈતિક અધિકાર તેમણે ગુમાવી દીધો છે.

ટ્રસ્ટીઓ પાસે હવે બે જ વિકલ્પ શેષ રહ્યા છેઃ કાં તો તેઓ રાજીનામાં આપી દે અથવા તો ટ્રસ્ટની સર્વ મિલકતોના પુનર્વિકાસ કે સમારકામ કે વેચાણ-નિકાલ જેવા મહત્વના નિર્ણયો લેવાની બાબત તેમણે એકાદ મહિના પહેલા નિમેલા પંદરેક જ્ઞાતિ અગ્રણીઓ-વ્યવસાયિકો અને તેમના ત્રણ ટ્રસ્ટીઓની પેટા સમિતીને સોંપી દે, જેથી શેષ બે વર્ષની મુદત માટે ૧૧ ટ્રસ્ટીઓની ચૂંટણીને નિવારી શકાય.

**- રા.**

## પ્રભુ પર વિશ્વાસ

– પ્રવિણ લોડાયા, વડોદરા

એક વખત તિલકભાઈ પ્લેનમાં બેંગલોરથી મુંબઈ જઈ રહ્યા હતા. એરહોસ્ટેસ બધાને આઈસ્ક્રીમ આપી રહી હતી. અડધા આઈસ્ક્રીમ અપાયા ત્યાંજ વિમાન પવનનના તોફાનમાં સપડાયું. વિમાનમાં સન્નાટો છવાઈ ગયો. અને રાડારોળ મચી ગઈ. કોઈને આઈસ્ક્રીમ ખાવામાં રસ રહ્યો નહીં. આખા વિમાનમાં એક તિલકભાઈ જ મસ્તીથી આઈસ્ક્રીમ ખાતા હતા. જવું જ છે તો આઇસ્ક્રીમ ખાઈને જ કેમ ન જવું. બધું ઈશ્વરાધીન છે એ એમની ફીલોસોફી પ્રભુ ઉપર વિશ્વાસ હોય તો ગમે તેવા ઝંઝાવાતો સામે પણ ટકી શકાય.

આ કિસ્સો હમણા એટલા માટે યાદ આવ્યો કે એક આધ્યાત્મિક સંત એક પ્રવચનમાં આવી જ વાત સંભળાવતા હતા. એ સંત કોઈ કોન્ફરન્સમાં જવા વિમાનમાં બેઠા. વિમાને ટેકઓફ કર્યાને થોડી વાર થઈ ત્યાં જ સીટબેલ્ટ ફરીથી બાંધી લેવાની તાકીદ કરવામાં આવી. પંદરેક મિનિટ પછી વિમાનમાં જાહેરાત કરાઈ કે, ''આપ સહુની ક્ષમા માંગીએ, પરંતુ હાલ અમે કોઈ સર્વીસ નહીં આપી શકીએ, કારણ કે વિમાન પવનના તોફાનમાં સપડાયું છે.'

પ્રવાસીઓ અમંગળની આશંકાએ મૂંગા બેસી રહ્યા. દરમિયાન બીજી જાહેરાત થઈ, 'તોફાન કોઈ પણ ક્ષણે આપણને અસર કરી શકે. મહેરબાની કરીને આપની સીટ પરથી ઊભા ન થશો અને સીટબેલ્ટસ્ બાંધી રાખશો. આપના સહકાર બદલ આભાર.' જાહેરાત પૂરી થઈ.

સંતે જોયું કે દરેક વ્યક્તિના મોં પર ગભરાટ હતો. બસ, બરાબર એ જ બખતે વિમાને તોફાનમાં પ્રવેશ કર્યો. વિમાનની બારીઓની બહાર ધોળા દિવસે અંધારું છવાઈ ગયું. હમણાં જ વિમાનના ટુકડા થઈ જશે તેમ લાગી રહ્યું હતું.

બધા આકાશ તરફ બે હાથ જોડીને ભગવાનને વિનવતા હતા. નાના છોકરાં મા-બાપને વળગીને રડતાં હતાં. તુચ્છ રમકડાંની જેમ અહીંથી ત્યાં ફેકાતું વિમાન હવે સુખરૂપ ઉતરાણ કરી શકશે કે કેમ એ અંગે બધાને શંકા જ હતી.

બરાબર એ જ સમયે સંતનું ધ્યાન એક નાનકડી છોકરી પર પડ્યું. દસ-બાર વરસની આસપાસની ઉંમરની એ છોકરી જાણે કંઈ જ ન બન્યું હોય એમ પોતાની સીટમાં બેસી રીડિંગ લાઈટ કરીને વાંચતી હતી. એને જાણે કે આ તોફાની કાંઈ જ ખબર ન હોય એવું લાગતું હતું.

કદાચ એ બહેરી હોઈ શકે એવું બે ક્ષણ પૂરતું એમને લાગ્યું. પરંતુ મોટા કડાકા વખતે એ પોતાના બંને કાન પર હાથ દઈ દેતી હતી. એટલે એવી શંકા પણ નિર્મૂળ થઈ ગઈ.

બાકી બધા પ્રવાસીઓ પોતાની જિંદગી બચી જાય એ માટેની પ્રાર્થના કરતા હતા. ત્યારે એ છોકરી જરાય વિચલિત થયા વિના પોતાની ચોપડીમાં ખોવાઈ ગઈ હતી. સંતને એ જોઇને નવાઈ લાગી. આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી હોવા છતાં પોતે ધ્રાસકો અનુભવી રહ્યા હતા જ્યારે આ તો એક નાનકડી છોકરી હતી.

એકાદ કલાક પછી વિમાન હેમખેમ તોફાનમાંથી બહાર નિકળી ગયું. નજીકના એરપોર્ટ પર બધાની ધારણાથી વિરૂધ્ધ વિમાને સંપૂર્ણ સલામત રીતે ઉતરાણ કર્યું.

વિમાન ઊભું રહ્યું એ પછી જલદીથી એમાંથી બહાર જવા માટે બધા પેસેન્જર્સ રીતસર ધક્કા-મૂક્કી કરવા માંડ્યા, પરંતુ પેલી છોકરી હજુ પણ પોતાની જગ્યા પર શાંતિથી બેઠી બેઠી વાંચી રહી હતી.

સંત એની પાસે ગયા અને પૂછ્યું, 'બેટા, આટલું બધું થયું તો પણ તને જરાયે ગભરાતા મેં નથી જોઈ. મોટા લોકો પણ રડવા માંડ્યા હતા. એ વખતે તને કેમ જરાયે બીક નહોતી લાગતી ? એનું કારણ જાણી શકું ખરો ?'

એ છોકરીએ સંતને કહ્યું, 'આ વિમાનના પાઈલોટ મારા પપ્પા છે. આજે મારું વેકેશન પડી ગયું છે. એ વિમાન ચલાવી રહ્યા હોય પછી મને શું કામ બીક લાગે ?' આ સાંભળી સંત કશું બોલી ન શક્યા.

ભીતરની દૃઢ શ્રધ્ધા પ્રચંડ બાહ્ય અવરોધોને પણ એક બાજુ હટાવી દે છે. શ્રધ્ધા પાસે એક એવી શક્તિ હોય છે કે જેનાથી ઉપાધિને ઓળંગી શકાય છે.

સંતે પ્રવચનમાં આગળ કહ્યું કે દુનિયામાં આપણને ભડકાવનારા નિર્બળ કરનારા અને ઉત્સાહ ભંગ કરનારા પ્રસંગો તો સેંકડો આવ્યા કરશે. એ બધા પ્રસંગોએ મન ઉપર આઘાત થવા દેતા રહીશું, તો ઈશ્વરને પામી નહીં શકીએ.

જગતના દુઃખોની વેદનાનો હૃદય ઉપર આઘાત લગાડ્યા સિવાય કામ કરતા શીખી જઇએ અને પ્રભુ ઉપર શ્રધ્ધા વધારીએ. પ્રભુમાં આસક્તિ હશે, શ્રધ્ધા હશે તો જ આપણે અનાસક્ત થઈ શકીશું.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

09448138780 - Sha Lalji Manekji
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09381979792 - Sha Praveen Dagha
09448120993 - Sha Kantilal P. Mota

## સંચાલિત - ''જીવન-સંધ્યા''

તા.૧-૨-૨૦૧૬ થી ૩૦-૮-૨૦૧૭

09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand
09820022638 - Sha Hemang Dharamshi

### નવી વીંગમાં એક રૂમના દાતા - ૧,૫૦,૦૦૧/-

- શ્રીમતી ભાગ્યવંતીબેન લક્ષ્મીચંદ માલસી નાગડા પરિવાર, (રંગપુર) બેંગલોર

### નિભાવ ફંડ

- ૪૩૨૦૦/- શેઠશ્રી કિરણ ચાંપશી પાલાણી (કોઠારા) ચુનાભટ્ટી, ૩ જણનુ વાર્ષીક લવાજમ (૨૦૧૬)
- ૧૦૮૦૦/- માતુશ્રી પુષ્પાબાઈ ગોવીંદજી મોમાયા હ. મયંકભાઈ મોમાયા (નલીયા) મુબઈ ,૧ જણનુ વાર્ષીક લવાજમ (૨૦૧૬)
- ૬૫૧૪/- શેઠશ્રી પ્રદીપ પદમશી લાપસીયા (કોઠારા) મુલુંડ. (૨૦૧૬)
- ૧૦૮૦૦/- શેઠશ્રી દામજી જાદવજી છેડા, હુબલી (પત્રી) (૨૦૧૭)
- ૪૩૨૦૦/- શેઠશ્રી કિરણ ચાંપશી પાલાણી (કોઠારા) ચુનાભટ્ટી, ૩ જણનુ વાર્ષીક લવાજમ (૨૦૧૭)
- ૧૪૪૦૦/- માતુશ્રી પુષ્પાબાઈ ગોવીંદજી મોમાયા હ. શ્રી મયંકભાઈ મોમાયા (નલીયા) મુબઈ ,૧ જણનુ વાર્ષીક લવાજમ (૨૦૧૭)
- ૬૧૦૦૦/- શ્રીમતી રેખાદેવી ખુશાલચંદ પોલડીયા ના લગ્ન તિથી પ્રસંગે (બાયઠ) પાંચોરા (૨૦૧૭)
- ૬૦૦૦૦/- શ્રીમતી રેખાદેવી ખુશાલચંદ પોલડીયા (બાયઠ) શ્રી ખુશાલચંદ કલ્યાણજી પોલડીયાની પુણ્યતીથી નિમીત્તે, પાંચોરા. (૨૦૧૭)
- ૧૧૦૦૦/- શ્રી વીશાલ એજન્શીસ, ગદગ.
- ૧૧૦૦૦/- શેઠશ્રી હીરાચંદ દામજી દેવશી ખોના (જખૌ) ગાંધીધામ.
- ૨૫૦૦૦/- શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ગદગ.
- ૧૧૦૦૦/- શેઠશ્રી લક્ષ્મીચંદ માલસી જીવરાજ નાગડા (રંગપુર) બેંગલોર.
- ૭૫૦૦/- શ્રી ભારત પ્લાયવુડ અને હાર્ડવેર સેન્ટર, ગદગ.
- ૫૨૧૧/- શેઠશ્રી હીરાચંદ ચાંપસી મોમાયા (વરાડીયા) ઘાટકોપર, હ. શ્રી ચંદ્રસેન હીરાચંદ મોમાયા (મુંબઈ).
- ૫૭૬૩/- શેઠશ્રી પ્રદીપ પદમશી લાપસીયા (કોઠારા) મુલુંડ. (૨૦૧૭)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯,૫૦૦ (૨૦૧૬) ૩૦,૦૦૦ (૨૦૧૭)

- માતુશ્રી મેઘબાઈ માલશી જીવરાજ નાગડા (રંગપુર) બેંગલોર (૨૦૧૬)
- માતુશ્રી કમલબેન ધારશી ખીમજી શીયાડ (દલતુંગી) હ. ભાગ્યવંતીબેન લક્ષ્મીચંદ નાગડા, (રંગપુર)બેંગલોર (૨૦૧૬)
- માતુશ્રી રતનબાઈ નેણશી ખોના મેઘાણી (રંગપુર) હ. શ્રીમતી નિર્મલા લક્ષ્મીચંદ મેઘાણી, મુલુંડ (૨૦૧૭)

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦૦૦૧ (૨૦૧૬), ૧૫૦૦૦ (૨૦૧૭)

- શ્રી વિનોદકુમાર સોહનલાલ બાફના (સીંધનૂર) ૨૦૧૬
- ચિ. પાર્થના જન્મ નિમીત્તે, હ.: શ્રી કીરણ લાલજી પટેલ (મૈશેરી) તથા ચિ. અમી અને દિપક (મોટી સીંધોડી) થાણા (૨૦૧૭)
- શ્રીમતી રેખાદેવી ખુશાલચંદ પોલડીયા (બાયઠ) પાંચોરા (૨૦૧૭)

### કાયમી સાંજનું સાદું ભોજન-૫૦૦૧ (૨૦૧૬), ૧૦૦૦૧ (૨૦૧૭)

- શ્રી હેમચંદ વીરજી નાગજી શાહ (ગોધરા) મુલુંડ (૨૦૧૭) હ. કુમારી ફલક આશાબેન મેહુલ શાહ મુંબઈ

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧ (૨૦૧૬), ૨૦૦૦ (૨૦૧૭)

- શ્રી ધનજી લાલજી છેડા વડોદરા (૨૦૧૬)
- શ્રીમતિ ભચીબાઈ પદમશી પાસડ (વીઢ) મુલુંડ (૨૦૧૭)
- શ્રીમતિ મીકીબાઈ વલ્લભજી પાસડ (વીઢ) મુલુંડ (૨૦૧૭)

### કાયમી સવારનો ચા-નાસ્તો - ૩૦૦૧ (૨૦૧૬) ૫૦૦૧ (૨૦૧૭)

- શ્રી ઉજ્જ્વલ સોમચંદ દેશાઈ (સાંયરા) મૈસુર (૨૦૧૭)
- શ્રી પ્રેમચંદ માલશી મોતા (કુવાપધર) કલકત્તા (૨૦૧૭)

### એક ટંક મિષ્ટાન્ન ભોજન -૧૫૦૧ (૨૦૧૬) ૨૦૦૧ (૨૦૧૭)

- શ્રીમતી અર્ચના રાજેશ મોતા (લાલા) બેંગલોર. (૨૦૧૬)
- શ્રીમતી અલ્પા ગૌતમ ધરમશી (કોઠારા) બેંગલોર. (૨૦૧૬)
- શ્રીમતી ઉષા હરીશ મુનવર (જખૌ) ગદગ. (૨૦૧૬)
- શ્રીમતી ગુણવંતીબેન શાંતીલાલ ધરમશી (જખૌ) ગદગ. (૨૦૧૭)
- શ્રીમતી માલતીબેન હીરજી કાનજી નાગડા (નલીયા) ભાંડુપ. (૨૦૧૭)
- ચી. ભાવીકા પ્રતીક ખોના (બારોઈ) ગદગ, હ. કેર એજન્સીસ, રાયચુર
- શ્રીમતી ટીરીના ગીરીશ દેશાઈ (સાંયરા) રાયચુર. ''
- શ્રીમતી પુષ્પાબેન કીશોર નાગડા (નલીયા) ગદગ. (૨૦૧૭)
- માતુશ્રી વીમલાબેન રાજમલજી ઓસવાલ, ગદગ. (૨૦૧૭)
- શ્રીમતી લક્ષ્મીબેન પ્રતાપ નાગડા (જખૌ) બેલગામ. (૨૦૧૭)
- શ્રી સુંદરજી દેવજી ગોશર, ગદગ. (૨૦૧૭)
- શ્રી પ્રેમજી કરમશી છેડા, ગદગ. (૨૦૧૭)
- શ્રી અનીલ અગરવાલ, ગદગ. (૨૦૧૭)
- શ્રીમતી નીલમ ચેતન નાગડા (નલીયા) ભાંડુપ. (૨૦૧૭)
- Sumati Seva Mandal, Ranebennur (૨૦૧૭)
- શ્રી જયેશ લક્ષ્મીચંદ ગોશર (બારોઈ) વીકારાબાદ, હ.મોનીકા ખુશાલ પોલડીયા
- માતૃશ્રી ધનબાઈ પ્રેમજી નરપાર લોડાયા (મોટી સીંધોડી) વડાલા (૨૦૧૭)

૧૦૦૦/- શ્રીમતી સંગીતા સી. શાહ, કોચીન
૧૦૦૦/- શ્રી પ્રબાધ દામજી, ગુલબર્ગા
૧૦૦૦/- શ્રી રાજચંદ્ર આત્મા રીસર્ચ સેન્ટર, ગદગ
૧૦૦૦/- શ્રીમતી તૃમી શાહ (કોઈમ્બતુર)
૧૦૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્ર ધરમશી (સાંધવ) ગાંધીનગર
૧૨૫૦/- શ્રીમતી નયના જયંત બુરીયા, કલકત્તા
૧૨૫૦/- શ્રીમતી રતન હરખ શાહ, કલકત્તા
૧૨૫૦/- શ્રીમતી સ્મીતા નવીન શાહ, કલકત્તા
૧૨૫૦/- શ્રીમતી ભારતી મણીલાલ શાહ, કલકત્તા

**મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા - 098200 39469, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી - 09820022638**

## શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગનું ૧૧૩ મું વાર્ષિક સ્નેહ મિલન - સી.ડી.ઓ. ઉત્સવ-૨૦૧૮

શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગ નું ૧૧૩ મું વાર્ષિક સ્નેહ મિલન સી.ડી.ઓ. ઉત્સવ-૨૦૧૮ ઉજવણી ખૂબજ શાનદાર રીતે કરવામા આવેલ. આ વાર્ષિકોત્સવ પ્રમુખ શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયા, સેક્રટરી શ્રી હરિશ શીવલાલ મુનવર અને તેમની કમિટિના નેજા હેઠળ ઉજવાયું હતુ. તા. ૦૬-૦૧-૨૦૧૮ ના સાંજના ૬-૦૦ વાગે કાર્યક્રમની શરૂઆત શ્રી નવકાર મહામંત્રથી થયેલ. સમારોહના મુખ્ય અતિથિ તરીકે શ્રી **Prabhu L. Burbure** President Town Planning Gadag અને અતિથિ વિશેષ તરીકે શ્રી **Deepak J. Khona** પ્રમુખ, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ પધારેલ, સર્વે મહાનુભાવોના શુભ હસ્તે દીપ પ્રગટાવવામાં આવેલ. શાળાના બાળકો (ધોરણ Pre-Lkg થી ધોરણ 10 સુધીના) દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. જેમા નાટિકા, સોલો, ગ્રુપ નૃત્ય, કરાટે સો તથા સ્કુલ ના શિક્ષકો અને સ્ટાફે પણ નૃત્ય રજુ કર્યું હતું.

પધારેલ અતિથિઓ ના હસ્તે વિવિધ ઇનામો વિતરણ કરવામાં આવેલ. દરેક ધોરણમાં સર્વોત્તમ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની ને શીલ્ડ આપવામાં આવેલ. પ્રત્યેક ધોરણમાંથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીને રોકડ ઈનામ આપવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬-૧૭ ના આપણી શાળા માં દશમા ધોરણમાં ભણતી ૨ વિદ્યાર્થીનીઓ કુમારી **Laxmi F. Patil** તથા **Sakshi S. Jain** ને વાર્ષીક પરીક્ષા માં 99.20 % સાથે રાજયમાં ૬ ક્રમાંકે તથા જીલ્લામાં ૨ ક્રમાંકે આવેલ છે. તેમને શાળા વતી સન્માન અને શિલ્ડ આપેલ.

દશમા ધોરણનો વિદ્યાર્થી કુમાર **Kishore K. Navale** ને outstanding Performance તરીકે નું ઇનામ રૂ. ૨૧,૧૧૧/- તથા વિદ્યાર્થીની કુમારી **Deepa B. Byahatti** ને outstanding Performance તરીકે નું ઇનામ રૂ. ૨૧,૧૧૧/- અને ટ્રોફી સ્કૂલ વતી આપવામાં આવેલ.

સાતમા ધોરણનો વિદ્યાર્થી કુમાર **Aditya Kurthkoti** ને outstanding boy તરીકે તથા કુમારી **Payal K. Chavan** ને outstanding girl તરીકે બેઉ વિદ્યાર્થી ને સ્કૂલ વતી શીલ્ડ આપવામાં આવેલ.

મુખ્ય અતિથિ શ્રી **Prabhu L. Burbure** એ પોતાના વિચારો રજુ કરતા જણાવેલ કે માતા પિતાનો રોલ બાળકો માટે અત્યંત જરૂરી છે ને તેમજ તે રોલ અગર શિક્ષક ભજવી બતાવે તો શિષ્ય તથા ગુરૂનો સબંધ મજબુત થાય.

શાળા ના પ્રમુખ શ્રી **Satish P. Luthia** એ પધારેલ મહેમાનો નો આભાર માન્યો હતો દરેક ક્ષેત્રમાં સફળતા મેળવેલ વિદ્યાર્થી - વિદ્યાર્થીની ઓને અભિનંદન આપી પ્રોત્સાહીત કરેલ. આ કાર્યક્રમની સફળતાનો શ્રેય સ્કુલનાં સ્ટાફ ને કમીટીના સર્વે સભ્યોને અને બાળકોને આપ્યો હતો. ખરીદી કરેલ ૧૨ એકર જગામાં રેસીડેન્સીયલ સ્કુલ અથવા કોલેજ બનાવવાના પ્લાન ઉપર આછો ખ્યાલ આપ્યો હતો.

શાળાનાં **Administrator** શ્રીમતી **Sumitra S. Chafekar** એ શાળાની વાર્ષીક **Achievements** તેમા **Sports, Science Exhibition, Result, Etc.** નો ઉલેખ વ્યક્ત કરેલ તથા સૌને આવકારેલ તથા આભાર વ્યક્ત કરેલ.

આપણી શાળાના બાળકોના માતા-પિતા તથા મહેમાનો માટે સ્વાદિષ્ટ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૭૦૦૦ જણની ભોજનની વ્યવસ્થા **Vimal Caterers** (શ્રીમતી **Vimalaben Sanjay Mota** તથા શ્રી **Sanjay T. Mota**) તથા તેમનાં સાથીઓએ સુંદર રીતે સંભાળેલ.

શ્રી પ્રાર્શ્વ કચ્છી યુવા મંડળ તથા શ્રી ગુજરાતી મિત્ર મંડળ, ગદગએ **Volunteers** ની જવાબદારી ખૂબજ સારી રીતે સંભાળેલ અને કાર્યક્રમ ને વ્યવસ્થિત રીતે પાર પાડેલ તેમનો આભાર માનવામાં આવેલ.

સ્કૂલ ના સર્વે શિક્ષકોનું તથા ઓફીસ સ્ટાફનું આભાર માનવા માં આવેલ.

મંચની ગોઠવણ ખૂબ જ સુંદર **Lighting effects and Visual backgound** સાથે નવીન પ્રકારે આયોજન થયેલ.

કાર્યક્રમ નું સંચાલન શિક્ષકોના સહકારથી વિદ્યાર્થીઓ એ કરેલ. કુમારી **Preeti M. Sonad** અને કુમારી **Deepa S. Shivapurad** એ આવકાર તથા આભાર દર્શન પ્રગટ કરેલ.

આપણી શાળાનો વાર્ષિકોત્સવ ગદગ માં ખૂબ સફળ, લોકપ્રીય અને યાદગાર કાર્યક્રમ રહ્યો.

Jyoti Graphics, GDG. 9448422072

**કુણાલ ડાઘા** – પાના નં. ૨૦નું અનુસંધાન

ત્રણ ત્રણ વર્ષે ગુજરાતભરમાંથી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે તો ચોથા વર્ષે પણ પ્રથમ ક્રમાંમ મેળવી ગોલ્ડ મેડલ મેળવવો છે. અને આખરે અજિતનાથ પ્રભુજીની અસીમ કૃપાથી એવું જ બન્યું. કુણાલભાઇએ ચોથા વર્ષે પણ રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું. આમ સતત ચાર વર્ષ સુધી ગુજરાત ફસ્ટ રહ્યો. ધ્યેય, મહેનત અને સંકલ્પ કામ આવ્યા. આમ એણે પોતાનો અભ્યાસ મહામુશ્કેલીઓનો સામનો કરી પૂરો કર્યો.

વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરતાં ચોથા સેમેસ્ટરમાં પણ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાને રહી ગોલ્ડ મેડલ તરફ આગળ વધ્યો. આમ તેણે પહેલાં, બીજા, ત્રીજા અને ચોથા ચારે-ચાર સેમેસ્ટરમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવી સમગ્ર કચ્છ અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું. તેણે ગોલ્ડ મેડલ મેળવવાનું સ્વપ્નું પણ સાકાર કર્યું.

તા. ૦૯.૧૨.૨૦૧૭નાં કચ્છમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ આયોજિત સમુહ લગ્નોત્સવમાં વરરાજા બની તા. ૧૦ નાં પ્રભુતામાં પગલા માંડયાં. તા. ૦૯.૧૨.૧૭નાં કચ્છમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કુણાલે માંડવીથી જાન પ્રસ્થાન કરે તે પહેલાં મતદાન મથકે જઇ મતદાન કરી આ લોકશાહીમાં પોતાની પવિત્ર ફરજ બજાવી મતદારોને 'મતદાન આપણી પવિત્ર ફરજ'નો સંદેશો આપ્યો. તા. ૧૨.૦૧.૧૮નાં મહાત્મા મંદિર, ગાંધીનગર મધ્યે કુણાલને ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનાં વરદ્ હસ્તે ગોલ્ડ મેડલ અનાયત કરવામાં આવ્યો હતો.

કુણાલ જે રીતે ભણી-ગણીને આગળ આવ્યો છે ત્યારે તેણે જૈન ભાઇ-બહેનોને અભ્યાસ માટે કોઇ મુશ્કેલી વેઠવી ન પડે એ માટે ગુજરાત માઇનોરીટી સ્કોલરશીપનાં ૨૫૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોનાં ફોર્મ ભર્યાં છે.

કુણાલે જૈન અલર્ટ ગ્રુપ, રોટરી કલબ, જૈન જાગૃતિ ગ્રુપ, કે.ડી.ઓ. યુવક મંડળ ભુજ, માનવજ્યોત, ભુજ વિગેરે સંસ્થાઓ સાથે જોડાઇ અનેક વિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે. ક.દ.ઓ જૈન કચ્છ એકમ, ભુજ મહાજન, ગાંધીધામ મહાજન, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ, તારાચંદભાઇ છેડા, માંડવીનાં નગર સેવીકા ગીતાબેન ગોર, તુષાર ગોસર, દિપેશ શાહ, પંકજ નાગડા, વિરાયતન પરિવાર માંડવીનો સાથ-સહકાર અને શુભેચ્છાઓ મળતી રહી છે. કચ્છ એકમ સંસ્થા દ્વારા કુણાલને વિદ્યારત્ન એવોર્ડ પણ અર્પણ કરવામાં આવેલ છે.

– સંકલન : **પ્રબોધ મુનવર**, ભુજ-કચ્છ.


સંવત ૨૦૭૪ ।। શ્રી આદીનાથાય નમઃ।। સન ૨૦૧૮

સાંયરા તીર્થ જિનાલયની ૧૪૦ મી ધ્વજારોહણ પ્રસંગે

સાંયરાવાસી, નિયાણી બહેનો સહપરિવાર

તથા આમંત્રિત મહેમાનોને

**ત્રિહાનિકા મહોત્સવ**

ફાગણ સુદ-૧ શુક્રવાર, તા. ૧૬-૦૨-૨૦૧૮ થી

ફાગણ સુદ-૩ રવિવાર, તા. ૧૮-૦૨-૨૦૧૮

અને

સાંયરા વિકાસ મંડળનું ૨૧મું સ્નેહમિલન પ્રસંગે

**ભાવભર્યું હાર્દિક આમંત્રણ**

સરળ સ્વભાવી નવકારમંત્ર આરાધક તપસ્વીરત્ન

પ.પૂ. મુનીરાજ શ્રી કંચનસાગરશ્રીજી મ.સા.,

તુંબડી રત્ન પ.પૂ.સા. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.,

સાંયરા રત્ન પ.પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા.

માંડવી રત્ન પ.પૂ.સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા.,

સાંયરા રત્ન પ.પૂ. સા. શ્રી અર્હંમયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં

ત્રિહાનિકા મહોત્સવ ભવ્યાતીભવ્યની ઉજવણી થશે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

**ધાર્મિક સમીતીના જયજિનેન્દ્ર !**

UPASANA-9820167767



।। જય શ્રી સચ્ચાઈ માતા ।। 卐 ।। જય શ્રી ભલારા દાદા ।।

**શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને**

**મોટી વરંડી (કચ્છ) સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ**

**મુંબઈ ખાતે નવમી પહેડી**

**રવિવાર, તા. ૨૫-૨-૨૦૧૮** ભાંડુપ મધે

સવારના ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન રાખેલ છે.

**પહેડીના સૌજન્ય દાતા**

**માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી ભાણજી લોડાયા પરિવાર**

ગામ – મોટી વરંડી

**કાર્યક્રમ : ૧) સ્થાપના ૨) પહેડી, ભાવના, પ્રસાદ**

**૩) સભા : અહેવાલ તથા સંવત ૨૦૭૫**

**માગશર સુદ-૫ની ધ્વજા ચડાવવાનો આદેશ**

**સ્થળ : કુકરેજા કોમ્પ્લેક્ષ મિની હોલ,**

અનંત સિદ્ધિ દેરાસરની સામે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,

ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**તા.ક.: સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને**

**સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.**

સંપર્ક : **મણિલાલ શાહ – 09322276296**

**રમેશ લોડાયા – 09892003940 • અનિષ શાહ – 09833511685**

# સ્ત્રી માટે ઘરકામ એ ફરજ, મજબૂરી કે અનિવાર્યતા?

**કાર્યક્ષેત્રે પુરુષસમોવડી બનવામાં સ્ત્રીઓને અમુક હદે સફળતા મળી છે, પરંતુ ગૃહકાર્યક્ષેત્રે હજી ઘણાં પરિવર્તન લાવવાનાં બાકી છે એવું લાગે છે. કલ્ચર-ઈફેક્ટના કારણે સ્ત્રી સામાજિક જવાબદારીને છોડી શકતી નથી.**




સ્ત્રીઓમાં ધીમે-ધીમે પરિવર્તન આવી રહ્યું છે એવું ડૉ. દીપાલી પંડ્યાનું માનવું છે. તેઓ કહે છે, 'સ્ત્રીઓને ગળથૂથીમાં જ શીખવાડવામાં આવે છે કે તારે ઘર સંભાળવાનું છે. આપણે ત્યાં શરૂઆતથી જ સ્ત્રી અને પુરુષનાં કામ વહેંચી દેવામાં આવ્યાં છે. આ જ કારણ છે કે બન્ને પોતાના કાર્યક્ષેત્રમાં કમ્ફર્ટ ફીલ કરે છે. મેં જોયું છે કે વિદેશથી કોઈ ઈન્ડિયા આવે ત્યારે તે અહીંની વ્યવસ્થાને જોઈને કહે છે કે તમે ઈન્ડિયન પુરુષો બહુ લકી છો, તમને પૅમ્પર કરવામાં આવે છે; તમારી બૈરી ઘર, માતા-પિતા, બાળકો અને સામાજિક વ્યવહારો બધું જ સાચવે છે; તમારે માત્ર પૈસા આપીને છૂટી જવાનું. આપણે ત્યાં પુરુષોને પત્ની એજ્યુકેટેડ જોઈએ છે, પરંતુ નોકરી કરે એવી નથી જોઈતી. વેસ્ટર્ન વર્લ્ડમાં જોવા મળે છે એવી ઈક્વાલિટીનો અહીં અભાવ છે. મારું માનવું છે કે સ્ત્રીનો સ્વભાવ અને જવાબદારીઓ કલ્ચર-ઈફેક્ટના મારણે છે. લોકો શું કહેશે? એ પ્રશ્ન સૌથી મોટો રોલ ભજવે છે. ઘણી વાર એવું થાય છે કે સ્ત્રીને પોતાને જ બહાર નથી આવવું. હસબન્ડ સારું કમાતો હોય, ઘરમાં કુક અને ડ્રાઈવર હોય તો તે કરીઅરને ઈગ્નોર કરે છે. કરીઅર એટલે માત્ર પૈસા કમાવાનો જરિયો નથી, સૅટિસ્ફૅક્શન છે. નૉલેજને ડેવલપ કરવાની તક છે એ વાત તેણે સમજવી પડશે. હવે આ સામાજિક વ્યવસ્થામાં પરિવર્તનનો વાયરો ફૂંકાયો છે અને લોકો બદલાવને સ્વીકારવા લાગ્યા છે. સ્ત્રીઓ ઘર અને બહાર બન્ને સ્થળે બૅલેન્સ રાખી શકે છે. પુરુષો પણ પત્નીને ઘરના કામમાં મદદરૂપ થવા લાગ્યા છે એટલે તેમની ચિંતા ઓછી થઈ છે. થોડા સમય પહેલાં આવેલી ફિલ્મ 'કા એન્ડ કી'માં એ જ બતાવવામાં આવ્યું હતું જે સરાહનીય છે. તો બીજી બાજુ તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મ 'તુમ્હારી સુલુ'માં ભારતીય સ્ત્રીનો રિયલ નેચર બતાવ્યો છે. સુલુ ઘરનાં તમામ કામ કરીને બહાર જાય છે તો પણ તેના દીકરાના બિહેવિયર માટે તેને દોષિત માનવામાં આવે છે અને તે પોતે પણ એમ વિચારે છે કે મેં ઘર પ્રત્યે ધ્યાન નથી આપ્યું. સ્ત્રીની આવી માનસિકતા બદલાય એ અનિવાર્ય છે.'

**- ડૉ. દીપાલી પંડ્યા**, સાઈકોલોજિસ્ટ

### મહિલાઓ પોતે શું કહે છે?

સ્ત્રીના સ્વભાવમાં બદલાવ કેમ નથી આવતો એ સંદર્ભે વાત કરતાં અંધેરીમાં રહેતાં ગૃહિણી અને સેલ્ફ-ઍમ્પ્લૉયૂડ રૂપાલી વેદ કહે છે, 'પ્રેમ અને લગાવના કારણે સ્ત્રીમાં પરિવર્તન આવતું નથી. તે પોતાના બાળક, ઘર અને પરિવાર સાથે લાગણીથી જોડાયેલી હોય છે. મેં મૅરેજ પછી ઘર સંભાળવાનું પસંદ કર્યું. મારી દીકરીએ એક દિવસ મને કહ્યું મમ્મી, શું આખો દિવસ કિચનમાં જ પડી રહે છે? તું એજ્યુકેટેડ છે, તારે એનો ઉપયોગ કરવો જોઈએ. ત્યાર બાદ મેં ઘરમા જ ઈકૉનૉમિક્સ ભણાવવાનું શરૂ કર્યું. બીજું, લેડીઝ કુરતીનાં એક્ઝિબિશન પણ રાખું છું. હવે બધે પહોંચી શકાય નહીં એટલે રસોઈ બનાવવા બહેન રાખ્યાં, પરંતુ બે દિવસમાં જ ઘરમાં બધા કહેવા લાગ્યા કે રસોઈમાં તારા હાથ જેવો સ્વાદ નથી આવતો એટલે મેં ફરીથી કિચનમાં ધ્યાન આપવાનું શરૂ કર્યું. હું ભજન ગાતાં-ગાતાં રસોઈ બનાવું એમાં સ્વાદ તો હોય જ, આપણા આચાર-વિચારમાં પણ બદલાવ આવે. સ્ત્રી ઘરના કામને પ્રેફરન્સ આપે છે અને ભૂલી જાય છે કે તે એક ઈન્ડિપેન્ડન્ટ વ્યક્તિ છે. તે પોતાના અસ્તિત્વનો વિચાર નથી કરતી એની પાછળનું કારણ છે સામાજિક વાતાવરણ. આપણે નાના હતા ત્યારે કોઈ સપોર્ટ કરવાવાળુ નહોતું, પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. આજે હું ઘર અને કામ બન્નેને બૅલેન્સ કરતાં શીખી ગઈ છું. જો સ્ત્રી હિંમત કરે તો ગાડી પાટા પર ચડી જાય. હું ઈચ્છું છું કે મારી દીકરીઓ કિચનમાં ન રહે અને તેમની કરીઅર પર ફોકસ રાખી આગળ વધે.'

બાળકની અને ઘરની જવાબદારી બીજાને સોંપવાની સ્ત્રીની માનસિક તૈયારી હોતી નથી એ વાત સાથે સહમત થતાં બોરીવલીમાં રહેતાં ગૃહિણી ઉર્વશી શાહ કહે છે, 'સ્ત્રીને પોતાના ઘર અને પરિવારનો એટલો મોહ હોય છે કે એમાં બદલાવ આવે તો તેને નથી ગમતું. તેને પોતાના ઘરની સંભાળ લેવામાં આનંદ મળે છે. મારા ઘરમાં કામવાળી બધાં કામ કરે છે તો પણ હું ક્લીન કર્યા કરું. મને એમ જ લાગે કે તેને મારા જેટલી ચીવટથી કામ નથી કર્યું. રસોઈની બાબતમાં પણ એવું જ થાય. રસોઈવાળાં બહેન કદાચ મારા કરતાં વધારે સ્વાદિષ્ટ રસોઈ બનાવતાં હોય તો પણ મને એમ જ થશે કે મારી મેથડ પ્રમાણે રસોઈ બની નથી. તો કદાચ ઘરમાં બધાને નહીં ભાવે. પોતાના ઘરની જવાબદારી બીજાને સોંપવાની તેની તૈયારી નથી તેથી તે કેટલીક વાર પાછી પડે છે. બહારની દુનિયામાં પગ મૂકો એટલે ઘરના કામમાં કૉમ્પ્રમાઈઝ કરવું પડે. એ માટેની માનસિક તૈયારી પણ હોવી જોઈએ. ઘર અને બહાર એમ બન્ને જગ્યાએ એકસરખું ફોકસ રાખવું થોડું ડિફિકલ્ટ છે. આપણી લાઈફ પહેલેથી જ એવી રીતે ચાલે છે કે એમાં ચેન્જિસ લાવવા એ પણ ચૅલેન્જ છે. જોકે હવે સ્ત્રીઓ બૅલેન્સ

રાખતાં શીખી ગઈ છે. આજે સ્ત્રીઓ જે રીતે બન્ને જગ્યા પર સરખું ધ્યાન આપે છે એ ઍપ્રિશિએટિવ છે. '

બહાર કામ કરતી સ્ત્રીને ઘરનો મોહ છૂટતો નથી એ બાબતે વાત કરતાં થાણેમાં રહેતાં અન પ્રાઈવેટ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરતાં પાયલ પંડ્યા કહે છે, 'મને ઘરની ચિંતા નથી સતાવતી. હા, ઘર પર ધ્યાન નથી આપી શકતી એવું ક્યારેક ફીલ થાય છે. જે દિવસે મારા દીકરાને સ્કૂલમાં હૉલિડે હોય અને મારે ઑફિસ જવાનું હોય ત્યારે થોડું ગિલ્ટ ફીલ થાય, પરંતુ મારાં સાસુ સ્કૂલમાં પ્રિન્સિપાલ રહી ચૂક્યાં છે અને તેમની છત્રછાયા હેઠળ મારું બાળક બધી રીતે સુરક્ષિત છે એવી મને ધરપત છે એટલે ઘરની મને ફિકર નથી, પરંતુ દિવસમાં બે-ત્રણ ફોન કરી ખબર પૂછવાનું નથી ચૂકતી. મારે કામના લીધે વારેઘડીએ બહારગામ જવું પડે છે. જ્યારે પાછી આવું ત્યારે ઍરપોર્ટથી સીધા ઘર તરફ જવાની ઉતાવળ હોય એ સ્વાભાવિક છે. એક વાર ઘરે આવ્યા પછી મારું ફોકસ અને સમય બન્ને પરિવાર માટે હોય. ટૅક્નૉલૉજીના વપરાશથી હવે ઘરથી દૂર છીએ એવું પણ નથી લાગતું. હું માનું છું કે ઘરની ચિંતા એવી સ્ત્રીઓને હોય છે જેમનાં બાળકોને સાચવવાવાળું કોઈ હોતું નથી. હાઉસવાઈફે પણ ઘરનો મોહ મૂકીને પોતાની રીતે વ્યસ્ત રહેતાં શિખવું જોઈએ. સ્ત્રી જ્યારે બહાર કામ કરે છે ત્યારે તેની વૅલ્યુ થાય છે. કુકિંગ, જૉબ અને સોશ્યલ ઍક્ટિવિટી એમ બધી રીતે જો તમે બૅલેન્સ કરતાં શીખી લો તો તમારા બાળકમાં પણ મલ્ટિટાસ્કિંગ સ્કિલ ડેવલપ થાય અને આજના સમયમાં એ જરૂરી છે.'


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |

Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


### વર્ષોથી ચાલી આવતી સામાજિક વ્યવસ્થાને તોડવાની હિંમત દરેક સ્ત્રીમાં ન હોય

સ્ત્રીના સ્વભાવ અને આપણી સામાજિક વ્યવસ્થા સંદર્ભે વિગતવાર વાત કરતાં વિલે પાર્લેમાં રહેતા સોશ્યલ ઍક્ટિવિસ્ટ વીણા સંઘવી કહે છે, 'સ્ત્રી ઘરનાં કામ કરે એ જો સામાજિક જવાબદારી હોય તો આવી વ્યવસ્થા ક્યારેક તો શરૂ થઈ જ હશેને. કદાચ એવું બન્યું હોય કે સ્ત્રી અને પુરૂષની શારીરિક ક્ષમતાના આધારે બહારના અને ઘરના કામના ભાગ પાડી દેવામાં આવ્યા હોય અને પછી આ પ્રથા બની ગઈ હોય. હવે આ પીછે સે ચલી આતી પ્રથાને નાબૂદ કરવાની હિંમત દરેક સ્ત્રીમાં તો ન જ હોય એટલે તે ઘરકામને પોતાની સામાજિક જવાબદારી ગણીને કર્યે જતી હોય છે. જો તે આ સામાજિક વ્યવસ્થાને તોડવાની હિંમત કરે તો ઘરમાં ધરતીકંપ આવી જાય એવું પણ બને. એ ઉપરાંત આ એક કુદરતી પ્રક્રિયા પણ છે. સ્ત્રીના હાડમાંસમાંથી જ બાળકનો જન્મ થાય છે. બાળક તેના શરીરનો એક ભાગ છે એટલે માતા તરીકેના રોલમાં સ્ત્રી લાગણીશીલ બની જાય છે. જો તે જૉબ કરતી હશે તો તેને ઑફિસમાં બેઠાં-બેઠાં પણ ચિંતા સતાવશે કે મારા બાળકે જમી લીધું હશે કે નહીં, તેણે સ્કૂલનું હોમવર્ક કરી લીધું હશેને. એવાં ઘણાં પરિબળો છે જેના કારણે સ્ત્રી તમામ મોરચે લડે છે. તેનામાં પોતાનામાં જ પરિવર્તન આવતું નથી. બીજું, આપણા ગુજરાતીઓમાં ફાઈનૅન્શિયલ મજબૂરી હોય એવું ઓછું બને છે. એજ્યુકેશન હોવા છતાં સાસરીયામાં તમામ સુખ-સાહ્યબી હોય એટલે સ્ત્રી લગ્ન બાદ નોકરી છોડી દે છે. મેં ઑબ્ઝર્વ કર્યું છે કે હસબન્ડ ચૉઈસ આપે કે તારે નોકરી કરવી છે કે ઘર સંભાળવું છે તો તે ઘરને પ્રાથમિકતા આપે છે. જો નોકરી છોડવાનો નિર્ણય તેનો પોતાનો હોય તો બીજાને બ્લેમ ન કરી શકાય. હું પર્સનલી આપણી આ સામાજિક વ્યવસ્થાને એક હદે સપોર્ટ કરું છું, કારણ કે બાળકની કાળજી માથી વધારે સારી રીતે કોઈ લઈ ન શકે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તો માએ બહારના કામનો ત્યાગ કરી સંપૂર્ણપણે તેના પર જ ધ્યાન આપવું જોઈએ. ત્યાર બાદ ફરીથી શરૂઆત કરવી કે નહીં અને તેના માટે લાઈફમાં શું મહત્ત્વનું છે એ દરેક સ્ત્રીએ પોતે નક્કી કરી આગળ વધવું જોઈએ, જેથી પસ્તાવાનો વારો ન આવે. હાઉસવાઈફને મારે એટલું જ કહેવાનું કે જ્યાં સુધી તમે એ વાત નહીં સમજો કે તમારી પોતાની પણ જિંદગી છે અને પોતાના માટે સમય આપવો જોઈએ ત્યાં સુધી ચેન્જિસ શક્ય નથી.'

– **'મિડ-ડે'**માંથી સાભાર

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી – ૩

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૯) સંધીવાત :** સંધીવાત કે ઓસ્ટીયો આર્થોઈટીસને સાંધાના ઘસારાના રોગ તરીકે પણ ઓળખાય છે. સામાન્ય રીતે ૬૦ વર્ષથી વધુ વયના લોકોને વધુ થાય છે પણ હવે જીવનશૈલી બદલાવાથી ઓછી ઉંમરનાને પણ આ તકલીફ થાય છે. આમાં કોલાસ્થી(કાર્ટીલેજ) અને હાડકા ઉપરનું સુરક્ષા કવચ જે સાંધા માટે ગાદીનું કામ કરે છે તે ઘસાઈને તુટવા લાગે છે. જેના કારણે બે હાડકા વચ્ચેની જગ્યા ઓછી થાય છે. અથવા બે હાડકા એકબીજાની વધુ નજીક આવે છે એટલે હલનચલન વખતે એકબીજા સાથે ઘસાય છે. એકબીજા સાથે ઘસાવાથી દુઃખાવો થાય છે, સાંધામાં સોજો આવે છે, જકડાઈ જાય છે, લાલાશ પકડે છે. જ્યારે તે વધુ પ્રમાણમાં ઘસાઈ જાય ત્યારે સાંધાનું હલનચલન ખૂબજ પીડાદાયી અને ઓછું થઈ જાય છે. આમ તો આ તકલીફ કોઈપણ સાંધામાં થઈ શકે પણ સામાન્ય રીતે તે ગરદન, હાથ નિતંબ, કરમ ને ઘૂંટણના સાંધામાં વધુ જોવા મળે છે.

**સંધીવાતના લક્ષણ –** સાંધાનો દુખાવો, જકડામણ, ખાસ કરીને આરામ કરીને કે સવારના ઉઠતા વેંત (આખી રાતની સાંધાની નિષ્ક્રીયતા) કે વધુ ઘણા ઉપયોગ પછી દુઃખાવો થાય. થોડા હલનચલન પછી દુઃખાવો ઘટે કે ન રહે, સાંધામાં ઘસારો થતો હોય તેવો અવાજ થાય કે અહેસાસ થાય.

જોખમી પરિબળો : મોટી ઉમર, જાડાપણું, વારસાગત, એવો વ્યવસાય કે જેમાં સાંધાપર વારંવાર વજન પડતું હોય, સાંધામાં ઈજા કે ખોડા આપણ, અન્ય રોગ જેમકે ડાયાબીટીઝ, હાઈ બી.પી., વાતરોગ કે આમવાત (ફર્મેન્ટેડ આર્થાઈટીસ) વાઉટ અને લાંબા સમય સુધી ખોટી અંગસ્થિતિમાં રહેવું.

**સંધીવાતની સારસંભાળ :** કાયમી ઈલાજ નથી પણ અમુક બાબતોનું ધ્યાન રાખવાથી રોગ વધતો અટકાવી શકાય, લાંબા સમય સુધી સક્રિય જીવન જીવી શકાય. વજન ઘટાડવું ખૂબજ આવશ્યક છે કેમકે વધારે વજન સાંધા ઉપર વધુ પડતું દબાણ, તનાવ અને શ્રમ આપે છે જેના કારણે ઘસારો અને દુઃખાવો વધતો જાય છે. પૌષ્ટીક ખોરાક જેમકે શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટ લેવા, જરૂરી હોય તો ન્યુટ્રીશનલ સપ્લીમેન્ટસ્ (વિટામીન અને મિનરલ્સની ગોળીઓ સિરપ કે ઈંજેક્શન) લેવા. નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ સાંધાના પટ્ટા પહેરવા જેથી સાંધાને આધાર મળે. લાકડીનો સહારો જરૂરી હોય તો જરૂર લેવો જેમાં શરમ કરવી નહિં. ગરદનની તકલીફ હોય તો કોલરપટ્ટી, કમરની તકલીફવાળાએ કમરનો પટ્ટો પહેરવો. પટ્ટાથી સાંધાને ટેકો મળશે અને સાંધા પર પડતો શરીરના વજનથી પડતો ભાર ઓછો થશે. નિયમિત વ્યાયામ અને યોગથી સાંધાનું લશીલાપાનું (Flexibility) વધે છે. સ્નાયુઓની મજબૂતી અને કાર્યશીલતા જળવાઈ રહે છે. મજબૂત સ્નાયુ અને સુરક્ષિત રહે છે, અને ઓછા દુઃખે છે. સાંધા અતિ દુખતા હોય કે અતિ સોજા હોય ત્યારે કસરતને બદલે સાંધાને આરામ આપવો. ગરમ પાણી કે બરફનો શેક કરવાથી સાંધામાં લોહીનું ભ્રમણ વધે છે જેથી દુઃખાવો અને સોજા ઘટે છે. ગરમ કે ઠંડો જે ફાવે તે સેક કરી શકાય પણ ગરમ કે ઠંડો શેક કર્યા બાદ અડધા કલાકનો ગેપ રાખી બદલી શકાય. યોગ્ય અંગસ્થિતિ જાળવી રાખવી પણ આવશ્યક છે. કામકાજ અને કસરત સાથે આરામના યથાયોગ્ય ટાઈમટેબલથી દુખાવામાં રાહત મેળવી શકાય. સાથે સકારાત્મક વલણ રાખવું અગત્યનું છે. દર્દશામક દવાઓથી અને જરૂર હોય તો શસ્ત્રક્રિયાથી દર્દમાં રાહત મેળવી શકાય. સંધીવાત માટે ઉપયોગી અને ફાયદાકારી પારિજાતના પાનનો પ્રયોગ – કેસરી દાંડીવાળા નાના સફેદફૂલ પારિજાતના નામે ઓળખાય છે. આ ઝાડના ૪-૫ પાન ધોઈ બારીક કાપી કે મિક્સરમાં લુગદી બનાવી તેમાં એક ગ્લાસ પાણી નાખી ઉકાળો, ઉકળીને અર્ધું થઈ જાય ત્યારે ઢાંકીને આખી રાત રહેવા દો સવારે આ પાણી નરણેકોઠે પી લ્યો. પીધા પછી અર્ધો કલાક કાંઈ ખાવું નહિં (રાત્રે ઉકાળેલું ન વાપરતાં હોય (ધાર્મિક રીતે) તેઓ સવારે ઉકાળી લે) આ પ્રસંગે વધુ માહિતી માટે... સાંધામાં સોજો આર્થાઈટીસ ભાગ ૧ પ્રકાશ સમીક્ષા ૨૭ સપ્ટેમ્બર – ૩ ઓક્ટોબર ૨૦૧૪ અને સાંધામાં સોજો આર્થાઈટીસ ભાગ ૨ પ્રકાશ સમીક્ષા ૧૧ ઓક્ટોબર ૧૭ ઓક્ટોબર ૨૦૧૪ આ બન્ને અંક ઑનલાઈન વાંચી શકો છો.

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી અને શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી આયોજીત ૧૯મા સ્નેહ મિલનની તવારીખ : વહી ગયો પ્રસંગ.... રહી ગયો ઉમંગ....

સંસ્થાના ઉપક્રમે, મુંબઈ હાઈકોર્ટના જાણીતા સીનીયર કાઉન્સેલર શ્રી શૈલેશભાઈ સનત શાહનાં અધ્યક્ષપદે અને શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - ભાંડૂપના લાડીલા કર્ણધાર શ્રી કીર્તિભાઈ ભવાનજીભાઈ હરીઆ (શેરડી) ના અતિથિ વિશેષ પદે તા. ૧૪-૦૧-૨૦૧૮ના ૧૯ મા સ્નેહમિલનનું શાનદાર આયોજન મુલુન્ડ (વે) મધે કરવામાં આવેલ. શ્રી સંઘના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ, પદાધિકારીશ્રીઓ તેમજ કારોબારી સમિતિનાં મિત્રો દ્વારા મહાનુભવોનાં સાન્નિધ્યમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

વિશ્વમંત્ર એવા શ્રી નવકાર મંત્રનું પઠન તથા **રાષ્ટ્રગીત** બાદ અચલગચ્છાધિપતિ આ.ભ. **પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** નાં શ્રીમુખે (કેસેટ દ્વારા) મહા માંગલિકનો લાભ લીધો.

સ્ટેજ સીટીંગ બાદ મહાજનશ્રીના યુવા અને લાડીલા સુકાની શ્રી મુકેશભાઈ લોડાયાએ કંકુ-અક્ષત રૂપી શબ્દોથી સૌને વધાવી સંસ્થાની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો. રંગમંડપની ધ્વજા (લકી ડ્રૉ) સહિત નવ ધ્વજાના ચડાવાના આદેશ અપાયા. આ રેકોર્ડ-બ્રેક ચડાવા લેવામાં શ્રી ચેતનભાઈ મૈશેરી, ચેતનાબેન હરીયા (પદ્‌મા આર્ટસ - ગામના નિયાણી) તથા શ્રી લહેરચંદભાઈ પોલડીયા (ડુમરા)એ સારી રંગત જમાવી. ચિંતન લોડાયા દ્વારા ખાસ તૈયાર કરેલ દરેક ધ્વજાના ફોટા સાથે લાભાર્થી પરિવારના ફોટાના આયોજને રંગ જમાવી દીધો. અતિથિ વિશેષ શ્રી કીર્તિભાઈ હરીઆ અને સમારંભ પ્રમુખશ્રી શૈલેશભાઈ શાહનાં પરીચય બાદ તિલક-શાલ-હાર અને મોમેન્ટો સાથે અભિવાદન કરવામાં આવેલ. બંને મહાનુભવોએ શ્રી સંઘના ટીમ - વર્કને બિરદાવી. સતત ત્રણ વર્ષથી ચૈત્ય પરીપાટીના દાતા અ.સૌ. કલ્પનાબેન શૈલેશભાઈ શાહ, સતત બે વરસથી સ્થાનિકે પર્યુષણ મહાપર્વે સંપૂર્ણ સાધર્મિક ભક્તિના દાતા માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા - હસ્તે અ. સૌ. અનીતાબેન ભરતભાઈ લોડાયા તેમ જ સ્થાનિકે સાધર્મિક ભક્તિના દાતા શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરીવારની ભૂરી ભૂરી અનુમોદના સાથે તિલક-શાલ-હાર અને સ્મૃતિ-ચિહ્ન સાથે એમની ઉત્તમ ભાવનાને બિરદાવવામાં આવી. શ્રી સંઘના દરેકે દરેક પ્રસંગોમાં યોગદાન સહ - સંઘના પરમ મિત્ર શ્રી સોમચંદભાઈ લોડાયા (આરીખાણા-મુલુન્ડ ઈસ્ટ - મા ઓમ પરીવહન પ્રા. લિ.), અરીહંત બેંકના C.E.O. શ્રી કિરણભાઈ મૈશેરી, કરૂર વૈશ્ય બેંકના મેનેજર શ્રી હિરેનભાઈ મૈશેરી, અરિહંત બેંકના ડાયરેક્ટર શ્રી રતિલાલભાઈ મોમાયા (વરાડીયા), જયપ્રિત ટુર્સ - ટ્રાવેલ્સના માલિક શ્રી જયંતિભાઈ મૈશેરી, ટ્રસ્ટના ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી વિજયભાઈ મોમાયા, ભૂતપૂર્વ ટ્રસ્ટી રાજેશ્રીબેન મોમાયા, આપણા ગામના મહારાજ શ્રી હીરાલાલ મહારાજ તથા સ્વાદિષ્ટ ભોજનીયા તેમ જ દરેક કાર્યમાં જેમનો અમુલ્ય સાથ મળ્યો એવા શ્રી અરવીંદભાઈ દંડ (બાયઠ)ની અનુમોદના સહ અભિવાદન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનાં સારથી શ્રી ચેતનભાઈ મૈશેરી તેમ જ અંતાક્ષરી અને વિવિધ પ્રોગ્રામ દ્વારા યુવાઓનું દિલ જીતી કાર્યક્રમને ચેતનવંતો બનાવવા માટે ચેતનાબેન હરીઆનું બહુમાન કરવામાં આવેલ. ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ લોડાયાએ ટ્રસ્ટનો અહેવાલ આપ્યો. અને જીર્ણોધ્ધાર સંબંધી સમજ આપી.

પ્રગતિ મહિલા મંડળ વતી અ.સૌ. રશ્મીનબેન મૈશેરીએ અહેવાલ આપ્યો. ૭૫ વરસથી ઉપરના વડીલો તેમ જ માતાઓની વડીલ-વંદના કરી એમના આશીર્વાદ લીધા.

કોચીનથી શ્રી રાયચંદભાઈ મૈશેરી, તન-મન ટુરના સર્વશ્રી તથા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા, ભુજથી શ્રી દેવરાજભાઈ ગઢવી, મોટી સિંધોડીથી શ્રી કાનજીભાઈ ગઢવી, ભચાઉથી શ્રી જયેશભાઈ મૈશેરી વગેરે મહાનુભવોએ સમારંભની સફળતા ઈચ્છતા શુભ-સંદેશાઓ મોકલેલ.

બપોરના સ્વામી વાત્સલ્યની પ્રસાદી બાદ કાર્યક્રમનો દોર આગળ વધ્યો. શ્રી વિક્રમભાઈ કાંતીલાલ મોતાની પુણ્ય સ્મૃતિમાં - તપસ્વી અનુમોદના તેમ જ સરસ્વતી બહુમાનનો અનેરો લાભ લેનારા અ. સૌ. ભારતીબેન રાયચંદભાઈ મૈશેરી (કોચીન-વાંકુ) પરીવાર દ્વારા તપસ્વીઓની અનુમોદના તેમ જ વિદ્યાર્થી મિત્રોનું અભિવાદન કરવામાં આવેલ. પ્રત્યુત્તરમાં શ્રી સંઘે એમની અનુપમ લાગણીને વધાવી, તિલક-શાલ-હાર અને મોમેન્ટો સહ પરીવારની અનુમોદના કરી.

ચા દેવીને ન્યાય આપી કાર્યક્રમ આગળ વધતો રહ્યો. અંતાક્ષરીની સાથો સાથ નાના ભુલકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સૌના દિલ જીતી લીધા. વસ્તીપત્રક કમિટિનાં આવેલ મિત્રો શ્રી ઉત્તમભાઈ અને સોનલબેનનો ખૂબ ખૂબ આભાર. રસોડાની વ્યવસ્થા શ્રી નિતિનભાઈ લોડાયા તેમ જ તારાચંદભાઈ મૈશેરીએ સંભાળી. સમગ્ર કાર્યક્રમને કચકડે મઢી લીધા - શ્રી સમીરભાઈ લોડાયા, શ્રી વિશાલભાઈ શાહ અને શ્રી ચિંતનભાઈ લોડાયાએ.

ચોવિહાર બાદ દાંડીયા - ગરબા રાસ રમીને આબાલ વૃધ્ધ સૌએ પોત પોતાની રીતે તાલનાં સંગાથે ઝુમી ઉઠ્યા. તનમન ટુરના પ્રણેતા શ્રી ચીમનભાઈ મોતા તેમજ બબલ ગમ્સ ટુરના પ્રણેતા શ્રી ચેતનભાઈ મોતા તરફથી એક - એક તપસ્વીને (લકી ડ્રૉ દ્વારા) સમેત શિખરજીની મહાયાત્રાનો લાભ મળ્યો.

સંસ્થાના ઉપ-પ્રમુખાશ્રી અ. સૌ. હર્ષાબેન લોડાયાએ આભાર વિધિ કરેલ. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલકભાઈ લોડાયા, ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ મૈશેરી, ટ્રસ્ટીશ્રી હરીશભાઈ મોમાયા, ટ્રસ્ટીશ્રી મુલચંદભાઈ મૈશેરી, માનદ્ મંત્રી શ્રી હેમાંગભાઈ લોડાયા, અ. સૌ. જ્યોત્સનાબેન મૈશેરી, કારોબારી સમિતિનાં મિત્રોશ્રી ભરતભાઈ લોડાયા, શ્રી લહેરચંદભાઈ મૈશેરી તેમજ શ્રી ખુશાલભાઈ મૈશેરીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી. કાઉન્ટરની વ્યવસ્થા શ્રી પિયુષભાઈ લોડાયા, શ્રી ગૌતમભાઈ મૈશેરી, શ્રી પિયુષભાઈ મોમાયા, અંજુલ મોતા, નેવિલ મોમાયા, રાજેશ મોમાયા, પુજા લોડાયા, ઉર્વી મૈશેરી, એકતા લોડાયા, ધવલ મોમાયા, નરેશ મૈશેરી, પ્રતિક લોડાયા, સ્મિત લોડાયા, સૌમ્ય લોડાયા, કેતન લોડાયા, વિશાલ શાહ, સમીર લોડાયા, અપૂર્વા શાહ વગેરે એ ખુબ સરસ રીતે નિભાવી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીન વેલજી સોની**<br>(PS 4331) | ૩૬/૪૧ ડી, પૂજા એવેન્યુ, ભાટિયા સમાજ વાડી પાસે,<br>અંજાર, કચ્છ - ૩૭૦ ૧૧૦. મો.: ૦૯૩૨૮૨ ૩૧૯૬૧ |
| **તરૂણ રાઘવજી શાહ (નાગડા)**<br>(PS 7337) | F-11, સરસ્વતી નગર, કેડીઓ નગર, કલાવતી હોસ્પીટલની સામે,<br>હરની વરસિયા રિંગ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૬. મો.: ૦૯૮૨૪૨ ૬૪૬૭૩ |
| **શ્રીમતી હેમલતા અનિલ શાહ (નાગડા)**<br>(PS 5988) મો: ૦૯૦૪૨૭૨૧૦૮૨ | ૨૦૧, માપેલ ટાવર, રૂણવાલ ગ્રીન્સ, ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ,<br>ફોર્ટીસ હોસ્પીટલ પાસે, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮. |
| **રાહુલ જવાહર લાલકા**<br>(PS 5861) | ૨૫૦૬, ટાવર-૪, સેડાર, રૂણવાલ ગ્રીન્સ, ફોર્ટીસ હોસ્પીટલની બાજુમાં,<br>મુલુંડ-ગોરેગાંવ લિંક રોડ, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮.<br>મો.: ૦૯૮૧૯૧ ૨૦૦૦૪, ૦૯૦૦૪૦ ૧૬૨૧૨ |
| **કિરણ નવીનચંદ ધરમશી**<br>(PS 443) | ૩૦૨, ૩જે માળે, નિરંજન બિલ્ડીંગ, હીરા નગર, મુલુંડ-ગોરેગાંવ લિંક રોડ,<br>મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૭૬૯૧ ૭૦૯૪૫ |
| **શરદ ગોવિંદજી પોલડીયા**<br>(PS 776) | ડી-૧, સિતારામ નગર કો.હા.સો., રેમન્ડ શોરૂમની સામે, માનપાડા રોડ,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૭૦૨૪ ૨૭૧૧૭ |
| **પ્રતીક દિનેશચંદ્ર લાલકા**<br>(PS 7336) | ૩૦૪, બિલ્ડીંગ નં. 2B, રાજ વૈભવ એનેક્સ, ૩જે માળે, ગણેશ નગર,<br>ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૯૮૬૭૦ ૧૪૧૨૩ |
| **નરેશ શામજી ધરમશી**<br>(PS 4896) | ૧-૫-૬૦૦/૨ આશીર્વાદ હાઈટ્સ, બ્લોક ૫૦૮, રોડ નં. ૬, ન્યુ મારૂતી નગર,<br>કોમ્યુનિટી હોલ પાસે, હૈદ્રાબાદ - ૫૦૦ ૦૬૦. મો.: ૦૯૯૧૩૯ ૭૩૮૦૦ |
| **હરેશ શામજી લોડાયા**<br>(PS 5027) | યુ-૧૧૧, કલકી એપાર્ટમેન્ટ્સ, ચેતના કોલોની, ૪થો ક્રોસ, વિદ્યા નગર,<br>હુબલી - ૫૮૦ ૦૩૧. મો.: ૦૯૯૦૪૨ ૨૩૪૭૧ |

## ધર્મસંદેશ - ૧૧૫

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨





**ઊભી ચાવીઓ -**

[૨] એક દેવ (૫) ; [૩] જયડુશા એ — નો મહિમા વધાર્યો (૨); [૪] — યાત્રા શત્રુંજયના તીર્થની થાય (૩) ; [૫]વીસ વિહરમાન માંના એક (૩) ; [૮] આ ની પણ આંગી થાય (૨) ; [૧૦] નેમિનાથના માતા (૪) ; [૧૧] મુંબઇ પાસેના આ દરિયા કિનારાના ગામ માં દેરાસર છે (૩) ; [૧૨] આ મહામંત્ર પ્રાકૃત ભાષામાં છે (૪) ; [૧૩] જેમનું લાંછન વાનર છે (૭) ; [૧૬] રત્નાકર સૂરિએ આ સૂત્રની રચના કરેલ (૭) ; [૧૭] પૂના પાસે આવેલ ડુંગર ઉપર મહાવીરનું તીર્થ (૩) ;

**આડી ચાવીઓ -**

[૧] જીવોની મન વચન અને કાયાથી હિંસા ન કરવી તે (૫) ; [૬] ઋષભદેવ ના એક પુત્ર (૨) ; [૭] શત્રુંજય ઉપર — નું દેરાસર છે (૬) ; [૯] ત્રિશલા માતાનું તેરમું સ્વપ્ન (૪) ; [૧૧] આ તપ માં શ્રાવકે ૪૭ દિવસ બેસવું પડે (૪) ; [૧૪] પંદરમું પાપ સ્થાનક — અરતિ (૨) ; [૧૫] આ આદેશ્વરના તીર્થમાં ભોંયરામાં ૫૦૦ આચાર્યોની પ્રતિમાઓ છે (૫); [૧૭] આ તીર્થ માં સાસુ વહુ ના દેરા છે (૨); [૧૮] ગઢ ઉપર શાંતિનાથ નું જીનાલય (૩) ; [૧૯] જૈનો ના ફિરકા (૨) ; [૨૦] માગસર સુદ અગિયારસ — એટલે એકાદશી (૨) ; [૨૧] — તળેટી (૨) ; [૨૩] સાધુ-સાધ્વી ઓનું એક ઉપકરણ (૩) ; [૨૪] કાર્તકી પૂનમ ના બધા દેરાસરમાં બધા — ના દર્શન કરે (૨) ; [૨૫] વર્ધમાન સ્વામી નું એક નામ (૨) ; [૨૭] સાધુ-સાધ્વી ઓનું એક સ્થળેથી બીજે સ્થળે જવું (૩) ; [૨૮] એક સતી (૪).

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧૮] આ સૂત્ર સુખશાતા પૂછા કરવા વપરાય (૪) ; [૨૨] મોતી સાગરજી મહારાજ — છે (૨) ; [૨૫] પ્રભુ (૨) ; [૨૬] ગુજરાતનું અજીતનાથનું એક તીર્થ (૨)

# એલચીની સુગંધ

**– ગિરીશ ગણાત્રા**



વર્ષોથી નાનકડા શહેરની એક શાળામાં આચાર્ય રહી ચૂકેલા રમણભાઈ ભટ્ટ નિવૃત્ત થયા. નિવૃત્ત થયા પછી અમદાવાદ રહેવાનું નક્કી કર્યું એટલે નાનકડો ફ્લેટ કે ટેનામેન્ટ શોધવા માંડ્યા. નિવૃત્ત થયા પછી હાથમાં સાઠ હજાર રૂપિયા જેટલી રકમ આવેલી. જિંદગીભરની બીજી બચત પણ ઘર પાછળ રોકી દેવાનો નિર્ણય કર્યો. જાતે તો મકાનની શોધ કરી શકે એમ નહોતા, એટલે અમદાવાદમાં વસતા એક સજ્જન મિત્રની ભલામણથી મોહનભાઈ મકાન-દલાલને આ કામ સોંપ્યું.

મોહનભાઈ વર્ષોથી મકાનદલાલીની લડાઈમાં, પણ બહુ કમાયા નહોતા. કડદા કરતાં આવડે નહીં, સીધી રાહે ભોળાભાવે કામ કરે અને દલાલીના ભાવતાલ કર્યા વિના ગ્રાહક જે કંઈ આપે તે પત્ર-પુષ્પ સમજીને લઈ લે.

મોહનભાઈએ રમણભાઈ માટે શહેરના સીમાડે બંધાતી એક સોસાયટીમાં નાનકડું ટેનામેન્ટ શોધી કાઢ્યું. રમણભાઈને જોકે એ દૂર પડતું હતું, કારણ કે નિવૃત્ત થયા પછી એ ટ્યૂશનો અને એક શાળાની પાર્ટ-ટાઈમ નોકરી કરતા હતા. છતાંય દીકરાઓએ સલાહ આપી કે લઈ લ્યો. ખૂટતા કરતા અમે ભરીશું. એટલે સવા લાખમાં ટેનામેન્ટ લેવાનું નક્કી કર્યું. બીલ્ડર જોડે થયેલી મોહનભાઈની વાત પ્રમાણે એવું નક્કી થયું કે ચાળીસ હજાર બ્લેકના ને બાકીના વ્હાઈટમાં પહોંચાડો એટલે દસ્તાવેજ કરી કાઢીએ. ટેનામેન્ટ આમ તો તૈયાર હતું પણ અંદર ટાઈલ્સ લગાડવાનું બાકી હતું, એટલે પંદર-વીસ દિવસમાં પઝેશન મળે એમ હતું.

આજે સાંજે પંચોત્તેર હજાર રૂપિયા રોકડા લઈને એ મોહનભાઈને ઘેર આવ્યા. મોહનભાઈ ઘેર બેઠા હતા. એમની પત્ની કોઈને ત્યાં બેસણામાં જઈ શાકભાજી લઈને ઘેર આવવાના હતાં એટલે મોહનભાઈએ જાતે ચા બનાવી.

રમણભાઈએ મોહનભાઈને પંચોત્તેર હજાર રૂપિયા આપ્યા. મોહનભાઈએ કહ્યું : ‘આજે તબિયત બરોબર નહોતી એટલે બીલ્ડર પાસેથી કૉન્ટ્રેક્ટ-ફોર્મ લેવા નહોતો જઈ શક્યો. કાલે સવારે કૉન્ટ્રેક્ટ-ફોર્મ લઈ સહીસિક્કા કરી લેશું, એટલે જો કાલે સવારે આ પૈસા લઈને આવો તો અંકે સો કરી લઈએ.’

‘અરે ભગવાન!’ રમણભાઈથી નિસાસો નખાઈ ગયો. ‘બપોરે બેન્કમાંથી પૈસા કાઢ્યા ત્યારથી બિલાડીના બચોળિયાની જેમ આ પૈસાનું પડીકું સાચવતો આવ્યો છું. બસમાં આવ્યો ત્યારેય સાચવીને લાવ્યો છું. હવે પાછો જઈશ ત્યારેય... એના કરતાં તમે રાખો ને. સવારે કાલે તમારે ઘેર આવું છું.’ મોહનભાઈએ બહુ આનાકાની કરી તોયે રમણભાઈ ન માન્યા એટલે પૈસાનું કવર લઈને એમણે કબાટમાં મૂકી દીધું. કબાટની ચાવી ઝભ્ભાની નીચે પહેરેલા જાકીટના ખિસ્સામાં મૂકી દીધી - વૃદ્ધ માણસોની ખાસિયત પ્રમાણે.

બીજે દિવસે સવારે રમણભાઈ મોહનભાઈને ઘેર આવ્યા ત્યારે મોહનભાઈના ઘર આગળ ખભે ધોતિયાં નાખી ડાઘુઓ નનામી બાંધતા હતા.

‘કોણ ગયું ?’ રમણભાઈથી પુછાઈ ગયું.

‘મોહનભાઈ - મોહનભાઈ મકાનદલાલ.’ એક ડાઘુએ કહ્યું.

રમણભાઈ એક ધબકારો ચૂકી ગયા. હવે મૃત્યુના પ્રસંગવાળા ઘરમાં કહેવું પણ કોને ? છતાંય, વારંવાર આ ઘેર આવતા હોવાથી એ મોહનભાઈનાં પત્ની કંકુબહેન આગળ ખરખરો કરવા ગયા, પણ બૈરાઓની વચ્ચે વીંટળાઈને કંકુબહેન છાતીફાટ વિલાપ કરતાં હતાં એટલે રમણભાઈથી કંઈ બોલાયું નહીં.

*જાણું છું હું : તેજ ને અંધકાર - ના થંભે એ ચક્ર કો દી લગાર,*
*વર્ષે કો દી આભ ઘેરી અષાઢ, ફૂંકે ગ્રીષ્મે વ્યોમ વહ્નિની ઝાળ.*
*જે વાયુ દે લ્હાણ સંજીવનીની, થિજાવે એ સર્વ શિરા ધરાની,*
*ગુંજે હૈયે ગીત આનંદ લ્હેરી, આવે ત્યાં ઈર્ષ્યા બની જન્મવેરી.*

મોહનભાઈના બે છોકરાઓ આજુબાજુ જ રહેતા હતા. એની સાથે એ મોહનભાઈની સ્મશાનયાત્રામાં જોડાયા, પણ ત્યાંય કંઈ વાતચીત ન થઈ.

છેવટે સાંજે ફરી એને ઘેર ગયા અને છોકરાઓને વાત કરી. છોકરાઓએ એની બાને વાત કરી. કયા કબાટમાં પૈસાનું કવર મૂક્યું હતું એની એંધાણી આપી.

કબાટ ખોલ્યું. રમણભાઈએ આપેલું કવર ક્યાંય હતું નહીં. આખું કબાટ ફેંદી વળ્યા પણ કવર ન મળ્યું તે ન જ મળ્યું.

રમણભાઈની હાલતની તો કલ્પના કરવી જ રહી! જિંદગીભરની કમાણી આ કવરમાં હતી. એ કવર એમનું સ્વપ્ન હતું - ઘડપણનું ઘર હતું, પણ મોહનભાઈના બન્ને છોકરા સમજુ ને શાણા હતા. એકે કહ્યું :

'જુઓ રમણભાઈ, તમે પૈસાની જરાયે ચિંતા ન કરો. મારા બાપાએ આજ સુધી કોઈના પૈસા ઓળવ્યા નથી. એમના સ્વભાવમાં જ એ નથી. ઘણાને ઘર લઈ આપ્યાં છે, બંધાવી આપ્યાં છે, દલાલી આપતી વખતે ઘણાએ અખાડા કર્યા છે, બે ટકા કહીને માત્ર પા ટકો જ દલાલી આપી છે, છતાંય બાપાએ 'હશે' કહીને હસતાં મોંએ ઝેર પચાવ્યું છે. ખુદ બિલ્ડીંગ કૉન્ટ્રાક્ટરો બાપાના આ ભોળિયા સ્વભાવ માટે ટકોર કરે છે. કેટલાકે તો માથે રહીને દલાલી અપાવી છે. તમે ચિંતા નહીં કરો. કોનું ટેનામેન્ટ તમે નક્કી કર્યું છે તે કહો તો ત્યાં પૂછપરછ કરીએ.'

રમણભાઈએ નામ આપ્યું.

નાના દીકરાને મૂકી મોટો રમણભાઈને સ્કૂટર પર બેસાડી બીલ્ડરને ઘેર ગયો. બીલ્ડર અંદર ડાઈનિંગ ટેબલ પર જમવા બેઠા હતા એટલે દિવાનખંડમાં બેઠા.

બીલ્ડર જમીને બહાર આવ્યા એટલે મોહનભાઈના પુત્રે હળવેકથી કહ્યું :

'બાપા સવારે પાંચ-છ વાગ્યે ગુજરી ગયા છે..'

'અરેરે! કેમ કરતાં બન્યું ?'

'કશી ખબર નહીં. બા સવારે ઉઠાડવા ગઈ ત્યારે એમનો પ્રાણ ઊડી ગયો હતો...'

'અરેરે!'

'હશે, ભગવાનને જે ગમ્યું તે ખરૂં, પણ માથે ધર્મસંકટ આવી પડ્યું છે. આ ભાઈને તમારું ટેનામેન્ટ બાપા અપાવી દેવાના હતા. સાંજે પંચોત્તેર હજાર રોકડા બાપાને આપી ગયા ને....' કહી એણે બધી વાત કરી.

બીલ્ડરે બન્નેની સામે વારાફરતી જોયું. રમણભાઈનો ચહેરો ને મોહનભાઈના છોકરાના ચહેરા સામે નજર કરી કહ્યું :

'તમને ચાનું કહેવું કે ન કહેવું એની મને સમજણ પડતી નથી. મારે ઘેર આવેલો કોઈ ચા વિના ગયો નથી. આજે સવારે જ તમારા બાપાનું અવસાન થયું છે એટલે....' કહી એ થોડું અટક્યા. ને પછી બોલ્યા, 'વાંધો નહીં. આજે ચા પીઓ. સ્વર્ગમાં બેઠેલા મોહનભાઈ ધોખો કરશે તો પ્રાયશ્ચિત હું ભોગવી લઈશ. હવે વાત જાણે એમ છે કે ગઈકાલે આ ભાઈ ગયા પછી દસેક મિનિટે હું તમારે ત્યાં આવ્યો હતો. મોહનભાઈને છાતીમાં દુખતું હતું એટલે બપોરે મારે ત્યાં આ ટેનામેન્ટના દસ્તાવેજના કાગળો લેવા આવવાના હતા તે ન આવ્યા. એટલે હું જાતે જ તમારે ઘેર આવી ગયો. મને એમણે પંચોત્તેર હજાર આપી દીધા છે. મેં દસ્તાવેજના કાગળો પર સહી કરી બધું એમને આપી દીધું છે. તમે ઘરમાં, ખાસ કરીને એમના ચામડાના દફ્તરમાં તપાસ કરો. મકાનના દસ્તાવેજ એમાં પડ્યા હશે. જો ન મળે તો બીજો દસ્તાવેજ કરી આપીશ, પણ મળશે જ, કારણ કે મારા દેખતાં એમણે એ કાગળો ચામડાના દફ્તરમાં મૂક્યા છે.' કહીને એ ઊભા થઈને અંદર ગયા ને કબાટમાં સો-સોની કેટલીક નોટો લઈને આવ્યા ને છોકરાના હાથમાં નોટો મૂકતાં કહ્યું :

'આ એની દલાલીના.' કહી એમણે રમણભાઈને કહ્યું : 'માસ્તર સાહેબ, તમે કોઈ વાતે ચિંતા ન કરશો. અત્યારે આપણે એગ્રીમેન્ટ ઓફ સેલ કર્યું છે. બાકીના પૈસા મને પહોંચાડી દેશો એટલે પાકા દસ્તાવેજ કરી દઈશું. તમારું ઘડપણ અને મોહનભાઈનું મૃત્યું હું નહીં બગાડું....'

અંદરથી એલચીની સુગંધવાળા ત્રણ કપ ચાના આવ્યા.

***

*સૌનું ભાવિ નિર્મતા ભાગ્યદેવ, પ્રાર્થું છું હું આર્દ્ર હૈયે સદૈવ:*
*દેજે જન્મો જેટલા હોય દેવા, હૈયે મારે હામ એ સર્વ સ્હેવા,*
*જોજે કિન્તુ હોય સંનિધ મારી, ઘાવે પાટો નેહથી બાંધનારી.*
*- જશવંત લ. દેસાઈ*

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## ચેરીટી કમીશનરે અનંતસિધ્ધિ (ભાંડુપ)ના પુનર્વિકાસ અંગેની ટ્રસ્ટીઓની પ્રસ્તાવિત યોજના નામંજુર કરી

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશનર સમક્ષ અનંતસિધ્ધિના પુનર્વિકાસ માટે મંજુરી માટે કરેલ અરજી ગત ૭ નવેમ્બર ૨૦૧૭ના ખારીજ થઈ હતી તેની હવે પાક્કી જાણકારી મળી છે.

ટ્રસ્ટીઓની ઉક્ત પુનર્વિકાસની પ્રસ્તાવિત યોજના અંતર્ગત નવનિર્મિત મકાનોના શેષ ફ્લેટોના વેચાણનો વ્યવહાર ટ્રસ્ટીઓ હસ્તક રહે તેવા પ્રસ્તાવને ચેરીટી કમીશનરે નામંજુર કર્યો છે.

આવનાર દિવસોમાં ટ્રસ્ટીઓ પોતાના બચાવ માટે કેવા પગલાં લેશે અથવા રાજીનામા આપશે કે તેમણે ગયા મહિને નિમેલા પંદરેક જ્ઞાતિ અગ્રણીઓ-વ્યવસાયિકો સાથે તેમના ત્રણ ટ્રસ્ટીઓની બનેલી પેટા સમિતીની સભા બોલાવશે કે આ અગ્રણીઓ-વ્યવસાયિકો જ જ્ઞાતિ હિતમાં કોઈ પગલું લેવા આગળ આવશે તેની અટકળો અને હિલચાલોના જે ઘટનાક્રમો સર્જાશે તે પર જ્ઞાતિજનોની હવે મીટ મંડાઈ છે.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ / શેગાંવ

મંચની ડીસેમ્બર મહિનાની મીટીંગનું આયોજન ૩૧/૧૨/૨૦૧૭ના ઘાટપુરી પીકનીક દ્વારા સૌ. કુંજનબેન લોડાયાના અધ્યક્ષપદે કરવામાં આવ્યું. નવકાર મંત્રથી મીટીંગની શરૂઆત કરી મંચમાટે મેમ્બરોએ ઉત્સાહ થી સુઝાવ આપેલ. દર મહિને નાના છોકરાઓ માટે ચર્ચાની સ્પર્ધા લેવી એવું નક્કી કરવામાં આવ્યું. આ વર્ષનો ''ક્વીન ઓફ ધી યર ૨૦૧૭''ના એવૉર્ડ સૌ. રશ્મીબેન દંડને આપવામાં આવ્યો. ખામગામમાં ઉપધાન તપ આવી રહ્યુ છે. જેમા મંચના સભ્ય સૌ. લીલાબેન નયન નાગડાએ અઢારીયું તપ કરેલ એમનું સન્માન શ્રીમતી હીરાબેન લોડાયાના હસ્તે કરવામાં આવ્યું સાથે અઢારીયા તપમાં જોડાયેલ શ્રી મનોજભાઈ નાગડા અને મીત હીરેન લોડાયાની અનુમોદના કરવામાં આવી. કુ. જયાબેન નાગડા જેઓ વડીલ હોવા છતાં મિત્ર તરીકે મંચમાં હંમેશા બધાને સાથ-સહકાર આપે છે તે બદલ એમનું બહુમાન સૌ. સ્મીતાબેન વીકમશી દ્વારા કરવામાં આવ્યું. સૌ. રીયા જૈન દ્વારા ગેમ રમાડવામાં આવી એમાં પ્રથમ સૌ નયના દંડ અને બીજું સ્થાન સૌ. હેતલ હીરાલાલ લોડાયાને મળેલ. સૌ. હર્ષા નાગડાએ પણ એક ગેમ રમાડી સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સૌ. પુષ્પાબેન મોમાયા અને સૌ. તેજલબેન મોતાએ કરેલ. ઠંડીની મૌસમને ધ્યાનમાં રાખીને ગરીબોને જુના શાલ, સ્વેટર, મફલર, બ્લેન્કેટનું બાળાપુર ફૈલમાં મંચના સભ્યો દ્વારા વિતરણ કરવામાં આવ્યું.

### શ્રી કચ્છી દશા ઓશવાળ મંડળ - ડોમ્બીવલી

મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. શ્રી મેઘકુમાર નરશી દોલત પરિવાર હ. તરૂણભાઈ તેમજ રૂા. ૩૦૦૦/- ના વીસ દાતાઓના સહયોગથી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ૧૪/૧/૨૦૧૮ના ડી.એન.સી. મેદાન ડોમ્બીવલી (પૂર્વ) ખાતે કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની શુભ શરૂઆત સવારના ૭.૩૦ કલાકે શ્રી મહાકાળી માતાજીને

## પૂજારીની જરૂરિયાત

ગદગના ૧૦૩ વર્ષ જૂના શ્રી પાર્શ્વનાથ જિનાલય મધે અનુભવી પૂજારીની જરૂર છે. રહેવા માટે ઘર, યોગ્ય પગાર તથા બાળકો હોય તો મેટ્રીક સુધીનું શિક્ષણ મફત, આપણા ભાઈઓને પ્રથમ પસંદગી રૂબરૂ મળો અથવા લખો.

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ**
પાર્શ્વનાથ રોડ, ગદગ - ૫૮૨૧૦૩.
ફોન : (08372) 235962


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

હારારોપણ, ધૂપ-દીપ-અગરબત્તી તેમજ શ્રીફળ વધેરોને કરવામાં આવી હતી.

આઠ ટીમોએ ભાગ લીધો હતો. દાતા પરિવાર, સહયોગી દાતા પરિવાર, આમંત્રીત મહેમાનો, જ્ઞાતીજનોને ક્રિકેટ ટીમના મેમ્બરો મળીને ખૂબજ સારી હાજરી હતી. દરેક મૅચ રસાકસી ભરી રહી હતી. બેસ્ટ ફીલ્ડર - યશ ધરમશી (મહાવીર ઈલેવન), બેસ્ટ બૉલર - અંકિત નાગડા (મુલુંડ યંગસ્ટર), બેસ્ટ બેસ્ટમેન - દીક્ષીત લોડાયા (રામપીર જુનીયર), પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ - વિનિત નાગડા (મુલુંડ યંગસ્ટર), મૅન ઓફ ધ મૅચ (ફાઈનલ) - દીપ ખોના (મહાવીર ઈલેવન) અને દરેક મૅચમાં મેન ઓફ ધ મૅચ ટ્રોફી આપવામાં આવી હતી. મુલુંડ યંગસ્ટર રનર અપ ને શ્રી મહાવીર ઈલેવન ટ્રોફી વિજેતા થયા હતા.

નવકારશી, ભોજન, ચા - પાણીની સુંદર વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખશ્રી અતુલ ધરમશી, ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર ડાઘા, માનદ્‌મંત્રીશ્રી મહેન્દ્ર મોતા, રમત ગમત સમીતીના ચેરમેન શ્રી નીલેશ મૈશેરી ને મંડળના સર્વે સભ્યોના સાથ સહકાર હતો. એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સરસ રીતે પાર પાડ્યુ હતું.

**મહાકાળી માતાજીની ભાવના - સાંયરા**

૩૧-૧૨-૨૦૧૭ના માતુશ્રી કાન્તાબાઈ મણીલાલ હંશરાજ મૈશેરી તથા માતુશ્રી મધુરીબાઈ નવીનચંદ્ર લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં રતીલાલભાઈ ધ્રોળ, મહેન્દ્રભાઈ લોડાયા, પ્રેમચંદભાઈ મોમાયા, ચામાર નૃત્યમાં મીતાબેન ભરતભાઈ લોડાયા સારી રમઝટ બજાવેલ. પોષ સુદ ૧૫ પુનમના માતુશ્રી આસબાળ નરશી હંસરાજના ૧૭મી પુણ્યતીથી નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા ભણાવામાં આવેલ જેમાં રતીલાલભાઈ મહેન્દ્રભાઈ પ્રેમચંદ મોમાયા, મીતાબેન, બાલબાઈ કસ્તુરીબાઈ સારી રમઝટ બજાવેલ તથા પૂજામાં પ્રભાવના તથા સ્કૂલમાં પ્રભાવના થયેલ. તથા પૂનમના માતુશ્રી આશબાઈ નરશી હંશરાજ ધ્રોળ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. રતીલાલ દામજી ધ્રોળની ૧૫૦મી પૂનમ તથા ધનેશ પટેલની છૂટક ૭૫ પૂનમ થયેલ છે.


**જગ્યા ભાડે આપવી છે**

**પુના - ફાતિમા નગર - વાનવરી ખાતે 2 BHK પાર્કિંગ સાથે ૧૧૦૦ sqft એરીયા ભાડે આપવી છે.**

**સંપર્ક : 98701 31193 / 98200 82949**


**પૂ. સા. સંયમગુણાશ્રીનો શેષ કાળ વિહાર**

હૈદ્રાબાદ કાચીગુડામાં ચાતુર્માસ કરી પૂ.સા. સંયમગુણાશ્રી મ.સા. વિહાર કરતાં રંગ રેડી જિલ્લા સ્થિત શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જિનાલયે સર્વ ઠાણા સહિત પધાર્યા. તેમને વંદન તેમજ મુખસાતાની પૂછપરછ માટે ચૈતન્યપૂરિ સંઘના ઉત્તમચંદ તથા લલીત નરશી વેલજી મોમાયા (વારાપધર) સપરિવાર તેમજ અન્ય ભક્તગણ પધાર્યા હતા. પૂ. સાધ્વીજી ગુલબર્ગા તરફ વિહાર કરવાના છે.

---

**ભૂલ સુધાર :** અંક નં. ૨માં પાના નં. ૧૦માં ક.દ.ઓ. યુવા મંચ (વડોદરા) દ્વારા યોજાયેલ 'રાજેશ કાંતિલાલ શાહ મેમોરીએલ ટ્રોફી' ક્રિકેટ ટુર્નામેન્ટના અહેવાલમાં ''બીટુબી સમિટના'' મુખ્ય દાતા શ્રી અનિક ધરમશી (HD Fire)(એચડી ફાયર)એ મુખ્ય વક્તા તરીકે સંબોધન કરેલ.

---



**ભૂલ સુધાર :** અંક નં. ૩માં પાના નં. ૧૭માં કુ. યશસ્વિની મણિલાલ ગોશર માસ્ટર ઓફ ફીઝીયોથેરપીની પરીક્ષામાં (ન્યુરોલોજીકલ અને સાયકોસોમેટીક ડિસઓર્ડરમાં વિશેષજ્ઞ તરિકે) ૬૦% ગુણાંક સાથે ઉત્તીર્ણ થયા છે.

|| શ્રી નેમનાથાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**, ઓળીના લાભાર્થી પરિવાર **માતુશ્રી ભમલબેન પદમશી પૂંજાભાઈ પીર** (સુથરી-મુલુંડ) દ્વારા ગિરનાર તિર્થ અને નેમિનાથદાદાની છત્રછાયામાં ચૈત્ર માસની આયંબીલ ઓળી માટે દરેક આરાધકોના ફોર્મ સ્વીકારવામાં આવેલ છે. અને જે કોઈએ પોતાના ફોટા ફોર્મ સાથે મોકલેલ નથી. તેમણે **તા. ૨૯-૦૧-૨૦૧૮** સુધી મુલુંડ કાર્યાલયે મોકલી દેવા જેથી દરેકનાં આઈકાર્ડ બની શકે. આરાધકોની હોંશ અને અભૂતપૂર્વ પ્રતિસાદ જોતા નવુ આરાધના નોંધી લેશાજી. **સ્થળ** : કાંતાબા સંકુલ, જૈન ધર્મશાળા, ભવનાથ તળેટી, જુનાગઢ, **સંપર્ક : શ્રી ગોવિંદજી પટેલ - 9820540949, શ્રી કીરણ દંડ - 9833808244, શ્રી ચેતન પીર - 9819743457, શ્રી વિપુલ પટેલ - 9892199197**.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૧-૧૮ | મુલુંડ | અજય ગુલાબચંદ વેરશી પોલડીયા | બાયઠ | ૩૩ |
| | મુલુંડ | તૃષા હર્ષદ શનિલાલ દંડ (કાથાવાલા) | સુથરી | ૩૨ |
| ૧૯-૦૧-૧૮ | દાદર | નિકેશ રજનીકાંત ઉમરશી ધરમશી | રંગપુર | ૨૪ |
| | ડોમ્બીવલી | ક્રીના દિલીપ પદમશી લોડાયા | મોટી ખાખડી | ૨૩ |
| ૨૨-૦૧-૧૮ | મુલુંડ | કેયુર શરદ લાલજી શિયાળ | આરીખાણા | ૨૭ |
| | ખંડવા | ધીરા ચેતન નવીનચંદ્ર નાગડા | નલિયા | ૨૭ |
| ૨૨-૦૧-૧૮ | ડોમ્બીવલી | અંકિત ભરત જયંતીલાલ માલદે | દલતુંગી | ૨૬ |
| | ડોમ્બીવલી | કાજલ જયેશ દામજી નાગડા | રંગપુર | ૨૪ |
| ૨૨-૦૧-૧૮ | ઈગતપુરી | કર્ણ દિનેશ મણીલાલ પોલડીયા | ગોએરસમા | ૨૫ |
| | અમદાવાદ | હીના સુરેશ રતનશી સાંયા | સુજાપર | ૨૦ |
| ૨૨-૦૧-૧૮ | મલાડ | સૌરભ ખુશાલ જીવરાજ મોતા | વારાપધર | ૨૩ |
| | ગાંધીધામ | સુરભી જવેરચંદ પદમશી નાગડા | પરજાઉ | ૨૩ |
| ૨૨-૦૧-૧૮ | મસ્જીદ બંદર | જીનેન રાજેન્દ્ર સોમચંદ મૈશેરી | સાંધાણ | ૩૩ |
| | ઘાટકોપર | જીનલ અરવિંદકુમાર લાલજી મુનવર | જખૌ | ૨૫ |
| ૨૫-૦૧-૧૮ | આંતરજાળ | ધર્મેશ મહેશ જવેરચંદ લોડાયા | વારાપધર | ૨૬ |
| | પ્રતાપર | મોનાલી કુલીન ચાંપશી ગાલા | મંજલ રેલડીયા | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૭ | ડોમ્બીવલી | અંકુર લહેરચંદ ખેતસી માતા | લાખણીયા | - |
| | સૈદાપુર | વર્ષા કિરણભાઈ મોમાયા | બારોઈ | - |
| ૦૪-૧૨-૧૭ | ડોમ્બીવલી | અજીત દિલીપ પદમશી ધરમશી | જખૌ | ૩૫ |
| | ડોમ્બીવલી | કિરણ હીરાચંદ ખેતશી મોતા | કુઆપધર | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૮ | કલ્યાણ | રોહન રામજી લાલજી ગાલા | પ્રાગપર | ૨૩ |
| | ડોમ્બીવલી | રીચા અરવિંદ બાબુલાલ ધરમશી | ગોરખડી | ૨૩ |

### લગ્ન છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૦-૧૭ | મુલુંડ | સિધ્ધાર્થ રમેશચંદ્ર શામજી શાહ (નાગડા) | નલિયા | ૩૧ |
| | મુલુંડ | અનુષ્કા કિશોર વાલજી દંડ | લાલા | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૧-૧૮ | ડોમ્બીવલી | કાન્તાબેન મણીલાલ વીરજી લોડાયા | નાની ખાખડી | ૭૩ |
| ૨૧-૦૧-૧૮ | પૂના | મધુરીબેન કાન્તીલાલ લોડાયા | કુવાપધર | ૭૨ |
| ૨૨-૦૧-૧૮ | મુલુંડ | ઉર્વશી (વિજયા) પિયુષ કાન્તીલાલ સોની | સાંયરા | ૫૦ |
| ૨૩-૦૧-૧૮ | કોચીન | પ્રવીણ શીવજી લોડાયા | નલિયા | ૭૨ |
| ૨૩-૦૧-૧૮ | જખૌ | ખીમજી ટોકરશી મૈશેરી | બાંઢીયા | ૮૫ |
| ૨૪-૦૧-૧૮ | અમદાવાદ/વજેશ્વરી | કુંવરબાઈ આણંદજી પુનશી કામાણી | પરજાઊ | ૮૯ |
| ૨૬-૦૧-૧૮ | ચેન્નાઈ | હેમલતા યશોધન જીવરાજ અજાણી | કોઠારા | ૬૯ |
| ૨૬-૦૧-૧૮ | મુલુંડ | મણીકાન્ત ઠાકરશી નાંગશી લોડાયા | જખૌ | ૬૫ |
| ૨૬-૦૧-૧૮ | અમદાવાદ | મહેશ રાઘવજી મૈશેરી | લાલા | ૫૬ |

### ધર્મસંદેશ - ૧૧૫ નો ઉકેલ

આડી ચાવીઓ -

(૧) અભયદાન (૬) નંદ (૭) નવા આદેશ્વર
(૯) રત્નરાશિ (૧૧) ઉપધાન (૧૪) રતિ (૧૫) વલ્લભીપુર
(૧૭) કાવી (૧૮) ઇડર (૧૯) ગચ્છ (૨૦) મૌન
(૨૧) જય (૨૩) કામળી (૨૪) પટ્ટ (૨૫) વીર
(૨૭) વિહાર (૨૮) શીલવતી

ઊભી ચાવીઓ -

(૨) ભવનપતિ (૩) દાન (૪) નવાણું (૫) ઇશ્વર
(૮) રત્ન (૧૦) શિવાદેવી (૧૧) ઉરણ (૧૨) નવકાર
(૧૩) અભિનંદન સ્વામી (૧૬) રત્નાકરપચ્ચીસી
(૧૭) કાત્રજ (૧૮) ઇચ્છકાર
(૨૨) યતી (૨૫) વીભુ (૨૬) વાવ

|| શ્રી આદીનાથાય નમઃ || || શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ || || જય ભલારા દાદા ||

# લોડાયા અને મોમાયા પરિવારનું ગૌરવ

**પ.પુ સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા**
**પ.પુ. સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.**
તથા
વડીલોના આશીર્વાદથી CAની
પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.



**CA રોનક મુકેશ લોડાયા**
(સાંયરા - નાંદેડ)

**-: શુભેચ્છક :-**

| | |
|---|---|
| મોટા દાદી–દાદા | : **સ્વ. મીઠીબાઈ મેઘજી ભીમશી લોડાયા** (સાંયરા) |
| દાદી–દાદા | : **સૌ. લીલાવંતી ભવાનજી લોડાયા** (સાંયરા) |
| ફુઈમા | : **ગં.સ્વ. કસ્તુરીબેન વિરચંદ શિયાલ** (જખૌ) |
| ફુઈમા | : **સ્વ. જયાબેન લક્ષ્મીચંદ મોતા** (નલીયા) |
| ફુઈમા | : **સૌ. ચંદનબેન કિશોર નાગડા** (સાંધાણ) |
| ફુઈમા | : **સૌ. મધુબેન મહેન્દ્ર ખોના** (જખૌ) |
| ફુઈ–ફુઆ | : **સૌ. ભારતી જયચંદ ખોના** (જખૌ) |
| માતા–પિતા | : **સૌ. તરલા મુકેશ લોડાયા** (સાંયરા) |
| ભાઈ | : **લિતાંશ મુકેશ લોડાયા** |

**-: નાનાણાં :-**

| | |
|---|---|
| નાનીમા | : **ગં.સ્વ. સુશીલા કાંતીલાલ મોમાયા** (સાંયરા) |
| મામા | : **દિપક કાંતીલાલ મોમાયા** (સાંયરા) |
| માસી–માસા | : **સૌ. રાજશ્રી અનિલ ધરમશી** (સાંધાણ) |
| ભાઈ | : **તીર્થ દિપક મોમાયા** |
| બહેનો | : **ડોલી, હિના, અનિલ ધરમશી** |

**સેવરાય વસાયા લોડાયા પરિવાર અને લધાભાઈ દેવરાજ પટેલ પરિવાર તરફથી અભિનંદન**
**❖ તેં પાર પાડ્યું ઉંચુ નિશાન, ખુબ વધારી પરિવારની શાન ❖**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડીના સ્નેહમિલનની તસ્વીરી ઝલક













C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (29-01-18)
Postal Regd. No. MCS/217/2018-2020
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# જ્ઞાતિનું ગૌરવ વધારતો..... કચ્છનો કુણાલ ડાઘા
## સંકલ્પ – મહેનત અને ધ્યેય જીવનમાં ઉપયોગી બન્યા



કુણાલ ડાઘાનો જન્મ તા. ૦૮.૦૧.૧૯૯૩નાં અબડાસાનાં વાંકુ ગામે થયો હતો. મુળ ગામ ગોએરસમા, હાલે માંડવી - કચ્છ. બચપણમાં નાનીમા લીલાવંતીબેન દેવજી સોનીએ લાડ લડાવ્યા. માતા લતાબેન અને પિતા તિલકભાઇ ડાઘાએ બહુ નાજુક પરિસ્થિતિઓમાં કુણાલને ઉછેર્યો. પિતા તિલકભાઇએ જિંદગી પ્રભુજીની સેવા કરતાં કરતાં પુજારી તરીકે ગુજારી છે. અને આજે પણ માંડવીનાં બંદર કાંઠે આવેલા અજિતનાથજી જિનાલયમાં પુજારી તરીકે ફરજ બજાવે છે. કુણાલ બચપણથી જ શાંત સ્વભાવનો અને ભણવામાં હોંશિયાર હતો. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧નાં કચ્છમાં આવેલ ધરતીકંપ સમયે કુણાલને તાવ આવતો હોવાથી રૂમમાં મીઠી ઉંઘ લઇ રહ્યો હતો. માતા લતાબેને તેને કહ્યું કે બેન નીલમે રેલીમાં ભાગ લીધો છે જા તું રેલી જોઇ આવ. તે રેલી જોવા ગયો ને પાછળ અચાનક આવેલ ભયાનક ભુકંપમાં જે રૂમમાં સૂતો હતો એ રૂમની દીવાલ પડી ગઇ. રેલી જોવા ગયેલા કુણાલનો ચમત્કારિક બચાવ થયો.

માંડવીમાં આવી કુણાલે પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવી પોતાની કારકીર્દિના મજબૂત પાયાની શરૂઆત કરી. શ્રીમતી ચંદનબેન દિલીપભાઇ જૈન અને દિનેશ એમ. શાહ જેવા આદર્શ શિક્ષકોએ તેના પાયામાં જ્ઞાનનું સિંચન કર્યું. પ્રથમ વખત ધોરણ - પમાં ચેસની સ્પર્ધા જીતી લઇ શાળામાં પોતાનું નામ રોશન કર્યું. પરિવારની નાજુક સ્થિતિમાંથી પસાર થઇ રહેલા કુણાલે અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કર્યો અને અભ્યાસ પ્રત્યે ધ્યાનપૂર્વક આગળ ધપ્યો. એસ.એસ.સી. પરીક્ષામાં સારા ગુણો મેળવી ઉત્તીર્ણ થયો અને સાયન્ય (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ મેળવ્યો. એમાં પણ ખૂબ જ મહેનત કરી સારા ગુણો મેળવી અને એન્જીનીયરીંગ લાઇન પસંદ કરી. મેકેનિકલ એન્જીનીયરીંગ લીઇન પસંદ કરી પણ કોલેજની ફી જાણી તેનાં મનમાં વિચાર આવ્યો કે આટલી ફી કેમ ભરાશે? ત્યારે તેનાં પિતા તિલકભાઇ ડાઘાએ કહ્યું કે 'બેટા... તું ચિંતા ન કર.. હું બેઠો છું.. ગમે તેમ કરીને તને ભણાવીશ.'

કુણાલે મનમાં સંકલ્પ કર્યો કે મારા માતા-પિતાનું સ્વપ્ન મારે સાકાર કરવું છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ મને ભણાવવા નક્કી કર્યું છે ત્યારે મારે પણ હવે મિનેનિકલ ઇન્જીનીયર બનવું છે. મહેનત અને સમયનો સદ્‌પયોગ કરી કુણાલ સતત આગળ ધપતો રહ્યો.

પિતા તિલકભાઇએ કુણાલને ભણાવવા કચ્છ એકમ સંસ્થા ગાંધીધામ અને જૈન જાગૃતિ સેન્ટર, મુંબઇમાંથી લોન મેળવી. માતા લતાબેને ગોદડી સીવીને તથા બાંધણા બાંધીને પૈસા એકઠાં કરી કુણાલને ભણાવવામાં મદદ કરી.

રાજકોટની આર.કે. કોલેજમાં મેકેનિકલ ડિપાર્ટમેન્ટમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો ૪ વર્ષમાં ૮ સેમેસ્ટર પૂરા કર્યા. કચ્છમાં જખણિયા પાસે આવેલ વિરાયતન ઇન્જીનીયરીંગ કોલેજમાં શિક્ષક તરીકે નોકરી મેળવી. લોન ભરવાનું અને માસ્ટર ડિગ્રીની ફી હોવાને લીધે ૧ વર્ષ સુધી શિક્ષક તરીકે નોકરી કરી. ત્યારબાદ માસ્ટર ઓફ ઇન્જીનિયરીંગ (મશીન ડીઝાઇન)માં બે વર્ષનો કોર્સ અને ૪ સેમેસ્ટર હતાં જેમાં પ્રવેશ મેળવ્યો. પ્રથમ સેમેસ્ટરમાં ૯.૩૪ સાથે ગુજરાત ટેક્નોલોજી યુર્નિવર્સીટીમાં પ્રથમ સ્થાન મેળવ્યું. બીજા સેમેસ્ટરમાં ૯.૨૧ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. પપ્પા તિલકભાઇને હાર્ટ એટેક આવતાં ઘરની પરિસ્થિતિ વધુ બગડી. પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા. પપ્પા તિલકભાઇને સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ મધ્યે હૃદયમાં સ્પ્રીંગ બેસાડવામાં આવી. કુણાલે આવી પરિસ્થિતિ વચ્ચે ત્રીજા સેમેસ્ટરમાં પ્રથમ સ્થાન મેળવ્યું. તા. ૧૫.૦૧.૨૦૧૭નાં નેહલ મુરજી છેડા, સુથરી સાથે શુભ વેવિશાળ નક્કી થયા. જુન - ૨૦૧૭માં કુણાલે એક નજર ગોલ્ડ મેડલ તરફ નાખી અને મનમાં નક્કી કર્યું કે સતત

અનુસંધાન પાના નં. ૮ પર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,